Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 22 - Issue : 10

July, 2018



સૌજન્ય : શ્રેયસ વિદ્યાલય, વડોદરા

..... બાકી તો તમો મારાં વહાલુડાં સ્વજનો છો.
બ્રહ્મા પણ તે સગપણને છેદી શકે તેમ નથી.

- શ્રીમોટા

'જીવન પાથેય', બી. આ., પૃ. ૯૧



(શ્રીઉપાસનીબાબાનો સાકુરીનો આશ્રમ)

## અભ્યાસ માટે

અનેક પ્રકારે ત્રાસ આપવાવાળા જુદા જુદા સ્વભાવના લોકો જ આપણી પાસે હોવા જોઈએ અથવા તેવા સમાજ વચ્ચે આપણે રહેવું જોઈએ. એટલે કે નિંદા કરવાવાળા, મત્સર કરવાવાળા, કંઈ કારણ વિના દ્વેષ કરવાવાળા, અમસ્તા ત્રાસ આપવાવાળા વગેરે પ્રકારના જે લોકો હોય તે જ સહન કરવાના-નિરભિમાની થવાના અભ્યાસનાં મુખ્ય પુસ્તકો આ જ છે. આવાં પુસ્તકો માટે પૈસા પણ ખર્ચવા પડતા નથી.

- શ્રીઉપાસનીબાબા

*'ઉપાસનીવાક્‌સુધા-૨', પ્ર. આ., પૃ. ૮*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૨ અંક : ૧૦ જુલાઈ, ૨૦૧૮

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૯૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. 'હરિભાવ'ના સભ્યોને ભેટ પુસ્તિકા .............. સંપાદક ૪
૨. હરિઃૐ આશ્રમ, સુરત સાથે પત્રવ્યવહાર અંગે.. .. ટ્રસ્ટીમંડળ ૫
૩. શ્રીપ્રભુપાદ પદ્મે : સમર્પણાંજલિ .................. શ્રીમોટા ૬
૪. સ્ત્રીઓને શાસ્ત્ર ભણવા અંગે .................. શ્રીમોટા ૭
૫. 'ગુરુ' એટલે... ................................ શ્રીમોટા ૮
૬. મનુષ્યની શક્તિ તેના વિચારમાં છે ........... શ્રીમાતાજી ૧૦
૭. વિચારના મૂળને ઓળખીએ .................... શ્રીમોટા ૧૧
૮. ધર્મની ઝાંખી ................................ ગાંધીજી ૧૨
૯. શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન .............
........................... સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૪
૧૦. પરમ જ્યોતિ : આત્મજ્યોતિ .................. ભાણદેવ ૧૫
૧૧. પૂજ્ય શ્રીમોટા સાથેનાં મારાં સંભારણાં (૨) ............
.............................. રજનીભાઈ બર્માવાલા ૧૮
૧૨. ગુરુજનો દ્વારા ગુરુજ્ઞાન .............. કાર્તિકેય અ. ભટ્ટ ૨૦
૧૩. ભય, અભય અને નિર્ભય ................ શ્રીદાસાનુદાસ ૨૧
૧૪. ગીતાનો સંન્યાસ એ વૃત્તિનો સંન્યાસ છે .......... શ્રીમોટા ૨૩
૧૫. હેમંતકુર નીલકંઠ : જીવનરેખા ............ સતીશ દેસાઈ ૨૪

### જ્ઞાનદાન : સહયોગ

પૂજ્ય શ્રીમોટાના અનુરાગી સદ્‌ગત પિતાશ્રી બળવંતરાય પંડ્યા તેમ જ તેઓશ્રીનાં સદ્‌ગત માતાપિતા ગોદાવરીબહેન અને સુંદરલાલ પંડ્યાના શ્રેયાર્થે, જે મહિનામાં ગુરુપૂર્ણિમા આવે છે એવા જુલાઈ, ૨૦૧૮ના 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં શ્રી અમરિષભાઈ પંડ્યા પરિવાર તરફથી અમોને જ્ઞાનદાનનો સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવારના અમો ઘણા ઘણા આભારી છીએ. - સંપાદક

*અન્ય સહયોગની વિગત પૃષ્ઠ નં. ૫ ઉપર છે.*

## (૧) 'હરિભાવ'ના સભ્યોને ભેટ પુસ્તિકા

સંપાદક

પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્‌ગત શ્રી હર્ષદભાઈ શામળદાસ શાહે પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ બાદ વ્યક્તિગત રીતે 'હરિવાણી'ના પ્રકાશનનો શુભારંભ કર્યો હતો. તેમાં સદ્‌ગત ડૉ. રમેશ મ. ભટ્ટનો સંપાદકિય સહયોગ પ્રાપ્ત થયો હતો.

'હરિવાણી ટ્રસ્ટ'ની રચના તા.૧૨-૧૨-૧૯૯૪ના રોજ થતાં તેના દ્વારા 'હરિવાણી'નું પ્રકાશન તા. ૧-૪-૧૯૯૫થી થતું હતું. આ પ્રકાશનના-ટાઈટલનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી હતું. તે માટે રજિસ્ટ્રાર ઑફ ન્યૂસ પેપર ફોર ઈન્ડિયા, મિનીસ્ટ્રી ઓફ ઈન્ફર્મેશન એન્ડ બ્રોડ કાસ્ટિંગ ન્યુ દિલ્હીને કુલ ૬ નામ મોકલવાનાં થતાં હતાં. હરિવાણી ટ્રસ્ટે નીચે પ્રમાણેનાં નામો સૂચવ્યાં હતાં.

(૧) હરિવાણી (૨) શ્રીહરિવાણી (૩) હરિભાવ (૪) હરિસ્મૃતિ (૫) હરિનામ અને (૬) જીવન વિકાસ.

ઉપરોક્ત છ નામો પૈકી **'હરિભાવ'**ના નામની મંજૂરી મળતાં ઑક્ટોબર, ૧૯૯૬માં પ્રથમ અંક 'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત કરાયો હતો. પાટડીના પૂજ્ય શ્રીદાસાનુદાસ સાથે નવા નામ અંગે વાર્તાલાપ થતાં તેઓશ્રીનો પ્રતિભાવ હતો કે જે નામ મંજૂર થઈને આવ્યું છે તે યોગ્ય છે. હરિને વાણી ન હોય. હરિનો ભાવ જ હોય. આમ, સામયિકનું નામ 'હરિભાવ' થયું અને ટ્રસ્ટનું નામ 'હરિવાણી ટ્રસ્ટ' રહ્યું.

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા 'હરિભાવ'ના પ્રકાશન ઉપરાંત સમયાંતરે સભ્યોને ભેટ પુસ્તિકા અપાતી હતી. ટ્રસ્ટના ભંડોળ અને / અથવા સ્વજનોના સહયોગના આધારે આવી પુસ્તિકાઓ અપાતી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી આવી ભેટ પુસ્તિકા અપાઈ નથી. ટ્રસ્ટીમંડળે સ્વભંડોળમાંથી એક ભેટ પુસ્તિકા આપવાનો માર્ચ, ૨૦૧૮માં ઠરાવ કર્યો હતો.

પૂજ્ય શ્રીમોટાએ સ્વજનોને જે સાધન આપ્યું છે તેમાં 'નામસ્મરણ' મુખ્ય અને મોખરે છે. ઉપરાંત, સ્વજનોને ઉદ્દેશીને કેટલીક ગઝલોની રચના પણ તેઓશ્રી કરી છે. એટલે પૂજ્ય શ્રીમોટાના પ્રકાશિત સાહિત્યમાંથી 'નામસ્મરણ' અંગેની પસંદગીની પંક્તિઓ અને સ્વજનોને ઉદ્‌બોધન કરતી પસંદગીની ગઝલો એ પ્રકારનું સંપાદિત પ્રકાશન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ સંપાદનનું કાર્ય ગતિમાન હતું તે દરમિયાન પલાણા/નડિયાદના અમેરિકા સ્થિત શ્રી રમેશભાઈ પી. પટેલ પરિવાર તરફથી સંદેશો મળેલો કે ટ્રસ્ટ કોઈ ભેટ પુસ્તિકા આપે તો તેમનો પરિવાર તે કાર્યમાં સહયોગ આપવાની ભાવના ધરાવે છે. આમ, એ પરિવારના પૂરેપૂરા આર્થિક સહયોગથી હવે આ પુસ્તિકા અપાઈ રહી છે.

જુલાઈ, ૨૦૧૮ના 'હરિભાવ'ના દેશ/વિદેશના સભ્યોને (જેની સંખ્યા હાલમાં ૭૫૦૦ જેવી છે તે તમામને) આ ભેટ પુસ્તિકા મોકલાશે.

આ પ્રકાશનમાં જેઓનો સહયોગ મળ્યો છે, તે શ્રી રમેશભાઈ પી. પટેલ પરિવાર (અમેરિકા)નો આભાર ખાસ વ્યક્ત કરીએ છીએ. 'હરિભાવ'ના પ્રકાશનમાં જેઓનો વર્ષોથી સદ્‌ભાવભર્યો સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે, એવા સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યા સાહેબના પણ અમો અત્યંત આભારી છીએ. મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ ચોકસાઈપૂર્વક કરી આપતાં તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આશા છે કે 'હરિભાવ'ના સભ્યોને પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના સંકલિત અંશવાળી આ ભેટપુસ્તિકાનું સદ્‌વાંચન રુચિકર રહેશે. હરિઃૐ. ❑

## (૨) હરિઃૐ આશ્રમ, સુરત સાથે પત્રવ્યવહાર અંગે.... ટ્રસ્ટીમંડળ

*(હરિઃૐ આશ્રમ, સુરત તરફથી મળેલ પત્ર પ્રકાશિત કરીએ છીએ - સં.)*

મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી
હરિવાણી ટ્રસ્ટ, અમદાવાદ
સાદર હરિઃૐ

વિષય : ઠરાવ નં. ૩૮૫૩ તા. ૨૯-૪-૨૦૧૮ હરિભાવ માસિકમાં પ્રકાશન અર્થે વિનંતી પત્ર

આદરણીયશ્રી,

**ઠરાવ નં. ૩૮૫૩ તા.૨૯-૪-૨૦૧૮**

**સ્વજનો / સંસ્થાઓ / જાહેર જનતા માટે હરિઃૐ આશ્રમ સુરત સાથે પત્રવ્યવહારનું માધ્યમ બાબતે**

હરિઃૐ આશ્રમ, સુરત પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ જાહેર ટ્રસ્ટ છે. સ્વજનો / સંસ્થાઓ / જાહેરજનતાનો આશ્રમ સાથેનો પત્રવ્યવહાર આવકાર્ય છે. હાલના સમયમાં ટેક્નોલોજીના વિકાસ સાથે મોબાઈલ ફોન, એસએમએસ, વોટ્સએપ, ફેસબુક, વોઈસ મેઈલ જેવા ઘણાં ઘણાં માધ્યમો લોકપ્રિય થયાં છે. હાલમાં કેટલાંક સ્વજનો આશ્રમ વિષયે પોતાના વિચારો રજૂ કરી રહ્યા છે. ટ્રસ્ટીઓ તરફથી જવાબદારીની ભાવના થકી સામે જવાબ આપવામાં આવે છે, પરંતુ આ પ્રકારના મેસેજ એ પત્રવ્યવહારનું અધિકૃત માધ્યમ નથી જ. સદર બાબત આજની સભામાં રજૂ કરવામાં આવી હતી, તે અંગે આશ્રમ સાથે માહિતીની આપ-લે કરવા અંગે પોતાના વિચારો વ્યક્ત કરવા અંગે આશ્રમના સરનામે રૂબરૂ અથવા ટપાલથી પત્રવ્યવહાર કરવો અથવા આશ્રમના ઈમેઈલ આઈડી : hariommota1@gmail.com ઉપર પત્રવ્યવહાર કરવો તે સિવાય અન્ય કોઈપણ માધ્યમને માન્યતા આપવામાં આવતી નથી અને પ્રમાણિત ગણવામાં આવશે નહિ. આ ઠરાવ સ્વજનોની સાથે સાથે ટ્રસ્ટીમંડળના સભ્યો માટે પણ બંધનકર્તા છે, એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ ઠરાવની પ્રત હરિવાણી ટ્રસ્ટને ‘હરિભાવ’ માસિકમાં પ્રકાશન અર્થે મોકલી આપવી એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજૂર

અસ્તુ,

લિ. મૅ. ટ્રસ્ટી
હરિઃૐ આશ્રમ, સુરત.

**(૨) સહયોગ**

**પૂજ્ય શ્રીમોટાના નડિયાદના સ્વજન સદ્‌ગત ચંદુભાઈ નાનાભાઈ પટેલનાં ધર્મપત્ની શ્રી ચંદ્રમણિબહેનના તા. ૪-૭-૨૦૧૬ના રોજ અમેરિકા ખાતે થયેલ દેહાંતના નિમિત્તે અને સદ્‌ગતનું સર્વ પ્રકારે યશકલ્યાણ થાય એવી ભાવના સાથે અમેરિકા નિવાસી પુત્ર શ્રી હરીશ ચંદુભાઈ પટેલ પરિવાર તરફથી આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે, તે બદલ અમો એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## (૩) શ્રીપ્રભુપાદ પદ્મે : સમર્પણાંજલિ

**શ્રીમોટા**

*(પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનાં જે જે પ્રકાશનો થયાં છે, તે કોઈ ને કોઈ સ્વજનને સમર્પણ કરાયાં છે, પરંતુ 'શ્રીસદ્‌ગુરુ'માં સમર્પણાંજલિ 'શ્રીપ્રભુપાદપદ્મે' અપાયેલ છે. 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે એ સમર્પણાંજલિ રજૂ કરાઈ છે - સં.)*

અનુષ્ટુપ

હરિ વ્હાલો મને કેવો તે કહું હું કઈ રીતે ?
ઠાઠવેઠ બધી મારી હરિ શો કરતો જ છે !
બધી સંભાળ મારી શો હરિ લેતો સદા રહે !
જોઈતું કરતું જે જે હરિ આપ્યા કરે મને. ૧-૨

હરિને હું બધી વાત મારી જણાવતો રહું,
હરિથી છાનું ના રાખું, સાચો સગો હરિ જ શું !
હરિ વિના બીજો કોઈ મારો બેલી નથી જગે,
હરિને અળગો સ્હેજે દિલથી ના કરું કશે. ૩-૪

મારો આધાર તો માત્ર હરિ શો એકલો જ છે !
હરિ વિના ન મારાથી શક્ય છે જીવવું જ તે,
જેમાં તેમાં હરિને હું આપ્યા મહત્ત્વ શો કરું !
હરિનો આશરો લૈને હરિનાં કામ હું કરું. ૫-૬

બધું જોતો રહે છે શો જે તે મારું હરિ જ તે !
એકલો હરિ તો માત્ર શો રખેવાળ મુજ છે !
હરિનું જે બતાવેલું પ્રેમથી સર્વ તે કરું,
આજ્ઞા હરિની ઉલ્લંઘી હું કદી પણ ના શકું. ૭-૮

હરિ મને નચાવે છે કેવી કેવી રીતે જગે,
હરિ ક્‌હે તેમ વર્તું છું, આજ્ઞામાં તેની હું ખરે. ૯

પૂછ્યા વિના હરિને કૈં મારાથી કશું થાય ના,
જેમાં સંમતિ પૂરી છે હરિની તે જ થાય ત્યાં. ૧૦

ભૂલેચૂકે જરાયે કૈં હરિને ના ભુલાય છે,
હરિ કેવો વસેલો છે ઊંડે ઊંડે શું અંતરે ! ૧૧

થતું હરિકૃપાથી સૌ થાય તે ચરણે ધરું,
પાસે કશું ન રાખું છું, હરિને સોંપીને જીવું. ૧૨

હરિની દિલ ભક્તિ છે, સેવા હરિની ભાવથી
-થવા ઉમળકો કેવો છે ઊછળેલ દિલથી ! ૧૩

સંતોષ હરિને થાય, રાજી જેથી હરિ થતો,
એવાં સૌ કર્મનાં પુષ્પો હરિપદે ચઢાવતો. ૧૪

ઘડ્યો સદ્‌ગુરુએ ભાવે કેવો ! બનાવિયો મને
-મૂળના રૂપથી સાવ શો પલટાવિયો હદે. ૧૫

હરિ સર્વસ્વ મારું છે હરિને અર્પણ સમું
-મારી કને કશું ના છે કે જે એને ધરી શકું. ૧૬

સ્ફુરાવેલું કૃપાથી જે,પ્રેરાયેલું કૃપાથી જે
-લખાયેલું, ધરું છું આ સમર્પણાંજલિ પદે. ૧૭

તા.૧૭-૨-૧૯૭૩
શ્રીસદ્‌ગુરુ, પ્ર.આ.

# (૪) સ્ત્રીઓને શાસ્ત્ર ભણવા અંગે

શ્રીમોટા

વેદોએ કહ્યું છે કે સ્ત્રીઓને શાસ્ત્ર ભણવાનો અધિકાર નથી, એ બિલકુલ ખોટી વાત છે. એ તો જ્યારે ભાવનાનું પતન થયું ત્યારે કહેવા લાગ્યા કે સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી.

માતાના પેટમાં આપણે નવ મહિના રહેવાનાં. જો તેમનામાં જ્ઞાન નહિ હશે, સંસ્કાર નહિ હશે તો આપણામાં ક્યાંથી આવવાના ? કયા મૂર્ખાઓએ આ લખ્યું છે તે સમજાતું નથી. આ ઉતારી પાડવા ગુસ્સાથી કહેતો નથી. હું એક વખત બનારસ ગયો હતો. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની દીકરીની દીકરીને હિંદુ યુનિવર્સિટીમાં લઈને ગયો હતો. ત્યાં બંગલો ભાડે રાખીને રહ્યાં હતાં. તેમની બી.એ.ની પરીક્ષામાં ઋગ્વેદનો અભ્યાસ કરવાનો હતો, તેમાં જુદા જુદા છંદ વિશે એક વિષય હતો. ગાયત્રી છંદ, શાર્દૂલવિક્રીડિત છંદ જેવો. તેમાં માત્રાની રચના, શબ્દોની રચના કેવા પ્રકારની ? આરોહઅવરોહ કેવી રીતે આવે ? એ તે કેવી રીતે બોલતા ? તે પદ્ધતિ જાણવા વિદ્વાન પાસે જવું પડે. કાશી કરતાં દક્ષિણમાં તેવા વિદ્વાન વધારે છે, પણ છોકરીઓને ભણાવવા બનારસમાં કોઈ તૈયાર થાય નહિ, સો બસો રૂપિયા આપતાં પણ કોઈ તૈયાર થાય નહિ. તે લોકો કહે કે 'બહેનો આગળ ઋચા બોલાય નહિ' અને પરીક્ષામાં પચીસ માર્ક્સનો એ સવાલ આવે. એ બરાબર લખી શકે તો ગણિતની માફક માર્ક મળે. હું હિંદુ યુનિવર્સિટીના આ વિષયના અધ્યાપકને મળ્યો. તેમની પાસે પણ અસલ પદ્ધતિનું જ્ઞાન નહિ. તેઓ પણ કહે, 'અમે તો કૉલેજમાં શીખેલા. અમે તો એ પ્રશ્નના માર્ક ઉડાવી દઈએ.' આખરે માલવિયાજીને મળ્યો. તેમને મેં કહ્યું કે 'વિષય રાખ્યો છે પણ શીખવનાર કોઈ નહિ.' વિદ્વાનો આ સાચી હકીકત સમજવા તૈયાર નથી. તેમણે કહ્યું કે 'બેચાર મારા જાણીતા મિત્રો છે અને સારા સાત્ત્વિક છે, તેમના ઉપર ચિઠ્ઠી લખી આપું.' તેમની ચિઠ્ઠી લઈને ગયો તોપણ કોઈ તૈયાર થયું નહિ. પછી ભગવાનને પ્રાર્થના કરી. **માનવીએ બધા પ્રયત્નો કરવા જોઈએ, પછી જ પોકાર પાડી શકાય.** લોકો કહે છે કે 'નિર્બલ કે બલ રામ' પણ તે ખોટી વાત છે. રામ તો સબળતા-પુરુષાર્થીના હતા. એટલે બધી બાજુએથી નિષ્ફળતા મળવાથી ભગવાનને પોકાર કર્યો. મને એક વિદ્વાન મળી ગયા, તેમને પગે લાગ્યો. ગુરુમહારાજનો હુકમ હશે. મેં મારી મુશ્કેલી સમજાવી. તેઓ સમજાવવા તૈયાર થયા એટલું જ નહિ પણ અઠવાડિયા સુધી બોલાવી સંપૂર્ણ સમજાવ્યું. આટલી સહેલી વાત પણ વિદ્વાનો સમજવા તૈયાર નથી, હું તો તેમને વિદ્વાન નહિ કહું, પણ પોથાંને માથે લઈને ફરનારા, ભાર લઈને ફરનાર જેવા ગણું. એવા વિદ્વાન સમાજનો ઉદ્ધાર નહિ કરી શકે. તેમને તો ભાર ઊંચકીને ફરનાર મજૂર જેવા ગણું. તેઓ ભલે ચર્ચામાં હરાવે, પણ ખરું જ્ઞાન ચોપડી વાંચવાથી નહિ આવે. અંતરનું જ્ઞાન એ તો જુદું હોય છે. માણસને કામ કરવાની અભીપ્સા જાગવી જોઈએ.

'મૌનએકાંતની કેડીએ', ચો.આ., પૃ. ૧૨ ❑

સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે,તે પછી તેને એની મહત્તા સમજાયા વિના રહેતી નથી. એને સમજાતું જાય છે કે ગુરુ એટલે :-

- એના જીવન વિકાસનાં પગથિયાં ઉત્તરોત્તર ચઢાવતી જનારી એક નિસરણી.
- સર્વ બાબતોમાં, સર્વ વ્યવહારમાં, તેમ જ સર્વ પ્રકારના આચારવિચારમાં તેની સમજને ઉચ્ચતર ભૂમિકા સાથે જોડનારી સાંકળ.
- તેના મનનાં સર્વ વલણોને, તેની સૂક્ષ્મ સમજને સ્પષ્ટ ને દીવા જેવી રીતે સમજણ પાડનારું જાણે કે હાલતું ચાલતું પુસ્તક.

તેનાથી આગળ વધીને કહીએ તો -

- માનવી જીવનનું શું રહસ્ય છે,
- શા માટે આપણને જન્મ મળેલો છે,
- આ સંસારમાં આવી મળેલાં બધાંની સાથે આપણે કેમ સંકળાયેલાં છીએ,
- જીવનનો હેતુ શો છે,
- તેની સાથે જગતનો શો સંબંધ છે.

એ બધાંની ધીરેધીરે જેની ચેતનશક્તિ વડે આપણામાં સમજણ પ્રગટ થતી જાય છે તે ગુરુ !

આખા વિશ્વમાં જે ચેતનશક્તિ જડ, જડ અને ચેતનની વચ્ચેની મધ્યમાવસ્થા તથા ચેતન - એ ત્રણેમાં ઉત્તરોત્તરપણે પડી રહેલી છે તથા તે બધાનો વિકાસ જેનાથી થાય છે તે બધું બતાવનાર **જીવનતેજ** તેજ ગુરુ.

ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પર ચેતનશક્તિ સાથે શા માટે અને કેવી રીતે સંકળાવાનું બને છે તે સમજાવનાર જ્ઞાનશક્તિ. વળી, ગુરુ એટલે તે કે જેના હૃદયના સાથ વડે સમગ્ર બ્રહ્માંડનો, ભગવાનનો હેતુ શો છે તે સમજાય અને પ્રત્યેક ક્ષણેક્ષણથી પણ નાનામાં નાના સમય દરમિયાન ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું જે લીલાનૃત્ય સમસ્ત વિશ્વમાં ચાલી રહ્યું છે, તે પ્રત્યક્ષ દેખાય તથા આપણા પોતાના જીવનમાં પણ એવું જ લીલાનૃત્ય ભજવાઈ રહ્યું છે, તે પણ અનુભવાય.

આમ, જે સાધકને ગુરુની મહત્તા સમજાઈ છે તે ગુરુની પાસે ને પાસે આવતો જાય છે. સૂક્ષ્મભાવમાં કહીએ તો ગુરુની સમીપતા કે દૂરપણું કશું છે જ નહિ, કારણ કે ગુરુ એ તો ભાવરૂપે જ છે.

શરૂઆતમાં સાધક આગળ વધેલો ન હોવાથી ગુરુની સ્થૂળ સમીપતાની જરૂર એને વધારે રહે છે. તોપણ યોગ્ય ગુરુ તો સાધકની જરૂરિયાત પૂરતો જ તેની સાથે રહેશે. સાધકની સમીપ પોતે રહેતો હોય તે દરમિયાન એવો કોઈ ને કોઈ પ્રસંગ ગુરુ ઉપજાવ્યા વગર રહેતો નથી કે જેથી સાધકનું મન ગુરુમાં આકર્ષાતું રહ્યા ન કરે.

જીવમાંથી શિવ થવાને જેમ મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ, અહંકાર, ઇંદ્રિયો અને શરીર-એ બધાંનાં સ્થૂળ સ્વરૂપની જરૂર છે, તેમ ગુરુની સમીપતા સાધકના વિકાસમાં ઉપર જણાવ્યું એટલી રીતે જરૂરની છે.

'સમગ્ર જીવન ભગવાન માટે જ છે' એવી દૃઢ પ્રતીતિ જેને થઈ હોય એવો સાધક આગળ વધ્યા વિના રહી શકવાનો જ નથી. તેવો સાધક જ શરણભાવવાળો ગણાય.

કદાચ કર્મપ્રારબ્ધના સંજોગે કરીને કોઈ નીચલા થરના સાધક સાથે ગુરુનો સંબંધ થયો હશે તો અનેક જાતની મથામણો તેના જીવનમાં ઊભી કરાવીને તેને ઊંચે લાવ્યા વિના ગુરુ રહેવાનો નથી. એને તો અપાર ધીરજ હોઈ કાળનો પ્રશ્ન એને રહેતો નથી. ગુરુ પ્રત્યે પ્રેમભાવ ને ભક્તિ જો હશે તો ગુરુની સાચી મહત્તા તેને સમજાયા વિના રહેશે નહિ.

આજે સૃષ્ટિમાં કામ અને અર્થનું જ સામ્રાજ્ય પ્રવર્તતું હોવાથી સાધકે ખાસ લક્ષમાં રાખવાનું છે કે આપણા માની લીધેલા ગુરુથી આપણી માનસિક ભૂમિકા ઊંચી થતી જાય છે કે નહિ ? **પ્રત્યેક સાધકના જીવનમાં ઊઠતા બધા જ આધ્યાત્મિક તેમ જ વ્યાવહારિક પ્રશ્નોનું સમાધાન યોગ્ય રીતે ગુરુ કરાવી શકતો હોવો જોઈએ.**

જેને શરણભાવ જાગે છે, તે સાધનાના પંથે પડી ચૂક્યો જ છે એમ સમજવું....

ગુરુકૃપા જેવું કૈંક હશે તો આપણો સત્પ્રયત્ન તેને તાણી લાવશે જ.

'જીવન સંદેશ', બી.આ., પૃ. ૩૨ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | અમરિષભાઈ બળવંતરાય પંડ્યા પરિવાર : સદ્ગત પિતાશ્રી, દાદાશ્રી તેમ જ દાદીમાના શ્રેયાર્થે જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | હરીશ ચંદુભાઈ પટેલ પરિવાર : સદ્ગત માતુશ્રી ચંદ્રમણિબહેનના યશકલ્યાણ અર્થે (દેહાંત તા. ૪-૭-૨૦૧૬) સહયોગ | અમેરિકા | ૧૧,૧૧૧/- |
| ૩. | ચિમનલાલ બેચરદાસ પટેલ : ૭૭મા જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૭,૭૧૧/- |
| ૪. | શાંતિલાલ નરસિંહભાઈ પટેલ : જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫. | બળવંતભાઈ કાનજીભાઈ જોષી : સંકલ્પપૂર્તિ નિમિત્તે | સુરત | ૩૦૦૦/- |
| ૬. | રાજેન્દ્ર આર. શુક્લ : જન્મદિન ૨૩ સપ્ટે. નિમિત્તે | વડોદરા | ૧૦૦૧/- |
| ૭. | કૈલાસબહેન નટવરલાલ પંડ્યા : શ્રી શિવદત્તના જન્મદિન (૨૧-૫) નિમિત્તે | ભાદરણ | ૧૦૦૧/- |
| ૮. | એક સેવક | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૯. | સ્વ. હેમંતકુમાર મનમોહનદાસ પાનવાલાની સ્મૃતિમાં હસ્તે દીપાબહેન | સુરત | ૫૦૧/- |
| ૧૦. | ગુણવંતભાઈ ભુંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | રવજીભાઈ લીંબાભાઈ ભાલીયા : સ્વ. માતુશ્રી દૂધીબાના સ્વર્ગવાસ નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૨. | નિરંજનભાઈ કડકીયા : જન્મદિન ૧૨-૬ નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૩. | રંજનાબહેન એમ. પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૧૪. | પ્રમોદભાઈ એમ. પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

# (૬) મનુષ્યની શક્તિ તેના વિચારમાં છે

**શ્રીમાતાજી**

તેજસ્વી મહર્ષિ ભૃગુ કૈલાસ પર્વતના શિખર ઉપર બેઠા હતા અને ભારદ્વાજ એમને પ્રશ્નો પૂછતા હતા : જગત કોણે બનાવ્યું ? આકાશનો વિસ્તાર કેટલો ? પાણીનું અસ્તિત્વ શાથી બની આવ્યું ? અને અગ્નિ, મરુત અને પૃથ્વીની ઉત્પત્તિ કઈ રીતે થઈ ?

આ બ્રહ્માંડને પેલે પાર શું હશે ? અને એમ ને એમ આગળ. આ બધા મોટા પ્રશ્નો હતા અને એમનો સૌનો જવાબ આપી શકે તેવા ઋષિ પણ મહાન હોવા જોઈએ !

પરંતુ ભારદ્વાજની મનોદશા એવી હતી કે જે પૂછ્યે જ જાય, પૂછ્યે જ જાય અને છતાં એને પોતાના જ્ઞાનથી પૂરતો સંતોષ ન થાય.

અને આ રીતે એક બાળક એક મહાન પ્રશ્નકર્તા હોય છે, એ હંમેશાં પૂછતું રહે છે, 'આ શું છે ?' પેલું શું છે ? એ વસ્તુ કઈ રીતે બનાવી છે ? વીજળીનો ઝબકારો શેનાથી થાય છે ? ભરતી કેમ આવે છે ? સોનું ક્યાંથી આવે છે ? અને કોલસો ? અને લોખંડ ? પુસ્તક કઈ રીતે છપાય છે ?' અને આ ઉપરાંત અનેક પ્રશ્નો.

બાળકો અને મનુષ્યો પ્રશ્નો પૂછે છે. તેઓ જવાબો પણ આપે છે. આપણે જ્યારે કાંઈક જાણતાં હોઈએ છીએ ત્યારે આપણે પ્રશ્નોના ઉત્તર આપી શકીએ છીએ, આપણે શીખવી શકીએ છીએ, આપણે જ્ઞાનનો પ્રસાર કરી શકીએ છીએ.

આપણે શું શીખીશું ? આપણે શું શીખવીશું ? અનેક યુગો દરમિયાન શું શું બનેલું તે બધું જાણવા માટે આપણે પ્રયત્ન કરીશું ? મનુષ્ય પોતાની જીભ વડે બોલી શકે તેવા બધા જ શબ્દો આપણે શીખી લેવાનો પ્રયત્ન કરીશું ?

મહાભારતના કાવ્યમાં પાંડવ ભાઈઓએ અને બીજા યોદ્ધાઓએ છોડેલાં વિવિધ પ્રકારનાં તીરનાં નામ આપેલાં છે : શર, બાણ, ઈશુ, સાયક, કંડ, વિશિખા, નારાય, વિપક્ષ, પ્રિશત્ક, ભલ્લ, તોમર, શલ્ય, ઈશિકા, શિલીમુખ, અંજલિક. આપણે આ બધાં તીરનાં નામ જાણવાની કોઈ જરૂર નથી એ તો ચોક્કસ છે. અને એવી બીજી ઘણી વસ્તુઓ છે કે જે શીખવાની આપણને જરૂર નથી.

આપણે સમાચારોની વાતો કરીએ છીએ. આપણે વહાણો ડૂબવાનો, ખૂનો વિશેનો, ચોરી, મારામારી, દાવાદુવી, લડાઈઓ, આગ, નાચગાન, લગ્નો, મરણોત્તર ક્રિયાઓ અને બીજી હજાર જાતની વસ્તુઓ વિશે વિચારો કરીએ છીએ, જેમના વિશે આપણે થોડીક જ મિનિટોમાં વાંચી લઈ શકીએ અને પાછળથી ભૂલી જઈએ.

આપણે કુરાનને ખોલીએ છીએ તો આ પવિત્ર ગ્રંથનાં પ્રકરણોને મથાળે આપણે 'સમાચાર' એવો શબ્દ વાંચીએ છીએ. અને આપણને તરત જ ભાંગતી સ્ટીમરો અને ખૂનો...નો ખ્યાલ આવે છે, પરંતુ ઊભા રહો. મહંમદ પયગંબરનું મગજ કાંઈ એવું ન હતું કે જે દુષ્ટ કૃત્યો કે ગપસપ કે જેમાંથી કાંઈ ઉમદા શીખવાનું ન મળે તેમાં રસ લે. એટલે આપણે 'સમાચાર' નામના પ્રકરણની શરૂઆતનો ભાગ વાંચીએ :

'કૃપાનિધાન, દયાવાન અલ્લાના નામે, તેઓ ભેગા મળીને શું વાંચે છે ? મહાન બનાવો વિશે.

શું એમને એ બાબતમાં કાંઈ તકરાર છે ?

ના, પણ તેમને જાણવાની ઈચ્છા છે.

**(અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)**

# (૭) વિચારના મૂળને ઓળખીએ

**શ્રીમોટા**

સંસારવહેવારનાં ગાડાંમાં મન ખૂંપી ગયેલું હોય છે, તેમાંથી તેનો રસ કંઈ એકદમ નીકળી જતો નથી.

આપણે માનીએ છીએ કે આપણને કશામાં રસ નથી, પરંતુ **રસ વિના તો માનવી એક પળવાર પણ જીવી શકે નહિ.** અનેક બાબતોમાં મનને રસ વળગી પડેલો જ છે. આપણને કશી સમજણ ના હોય અને ગતાગમ ના હોય એવી એવી સૂક્ષ્મ બાબતોમાં મન રસવાળું રહ્યા કરેલું જ હોય છે. એવી બધી બાબતોને આપણે જાણવી પડશે અને તેમાં તેમાંથી મનને વાળવાનું જાગૃતિથી જ્ઞાનપૂર્વક કરવું પડશે.

જે જે વેળા મનમાં વિચાર ઊઠે, **તે વિચારના સ્વરૂપને અને તેના મૂળને ઓળખતાં આપણે શીખવું પડશે.** અને તેમ જાણીને તેનું જ્યાં જ્યાં નકારાત્મક સ્વરૂપ હોય એટલે કે જીવસ્વભાવવાળું વલણ હોય તેને ત્યજવાની ભારેમાં ભારે હિંમત અને સાહસ આપણે કેળવવાં પડવાનાં છે.

એમ પ્રત્યેક વિચારનાં સ્વરૂપને અને તેના મૂળને જો પારખવાની હૃદયની કળા પ્રાપ્ત થઈ ગઈ તો તેમાંથી આપણને ઘણું ઘણું મળવાનું છે-બળ અને પ્રેરણા પણ. આપણે આપણા મનની સાથે ખેલ કરવાનો છે અને સાથે સાથે એની મદદ પણ લીધા કરવાની છે.

**મન અને એની શક્તિ અપાર છે અને એની કુશળતા પણ.** જો આપણે ચાહીએ અને નિશ્ચિત અને નિશ્ચિત થઈ જઈને રચનાત્મકપણે તેની મદદ લીધા કરીએ **તો મન આપણું મિત્ર છે.**

મનની શક્તિ એ કંઈ જેવી તેવી નથી. સર્વ કંઈ જીતી લઈને એના મય થઈ જવાની એનામાં શક્તિ છે અને એ શક્તિમાં ભારેમાં ભારે સિદ્ધિઓ વસેલી છે, કે જેની આપણને કલ્પના પણ નથી.

વિશ્વની સાથે તાદાત્મ્ય અનુભવવાને અને તેની સાથે સહૃદયતાથી સંકળાઈ રહેવાને કાજે મન જેવું કોઈ શક્તિશાળી નથી. અને એમ જોતાં સાચી રીતે **મનની શક્તિ એ તો પ્રકૃતિની ગૂઢ શક્તિ છે.** છતાં એ શક્તિમાં પણ ભગવાનની લીલા છે અને એ શક્તિની મદદ લઈને આપણે ચેતનની જ્ઞાનશક્તિમાં પ્રવેશ કરીએ છીએ. એ રીતે વિચારતાં મન આપણને ઘણું મદદ કરી શકે તેમ છે.

મનને વારંવાર ટકોરતાં રહેવું જોઈએ. એને સંકેલવું અને સંકોરવું પણ જોઈએ. આ બધું કામ કર્યા કરીએ તો જ આપણો કંઈક દહાડો વળી શકે.

સકળ કંઈ કર્મ કરતાં કરતાં આપણે આપણા મનના સાક્ષી થતા રહેવું. અને એ વિના ચાલવાનું નથી તેવું જ્ઞાનભાન રાખવું. મનના તરંગોને જેમ દબાવવાના નથી તેમ તેનામાં ફસાઈ જવાનું પણ નથી અથવા તો તેના પ્રવાહમાં તણાઈ જવાનું પણ નથી અથવા તો જેમ હોય તેમ પડ્યા રહેવાનું પણ નથી.

જેમ બાળક અથડાતાંકુટાતાં અનેક વાર તેને પડી જવાનું થતાં અને અનેક વાર લથડવાનું બનતાં છતાં, તે પોતાનો ચાલવાનો પ્રયત્ન મૂકી દેતું નથી, અથવા ઉપરની બધી ચાલવાની અપેક્ષાએ નકારાત્મક દેખાતી ક્રિયાને લક્ષમાં જ લેતું હોતું નથી, તેવું આપણું થવું ઘટે છે. તો જ આપણે પ્રભુકૃપાથી ફાવી શકીએ.

માટે, સતત એ માર્ગ પરત્વેનો આપણો જીવતોજાગતો પ્રયાસ જો એકધારો ચાલુ રહી શકે અને શ્રીભગવાનના નામસ્મરણમાં આપણું દિલ રહ્યા કરે અને અસફળ થતાં કે નકારાત્મક વલણ જાગતાં શ્રીભગવાનની પ્રાર્થના દ્વારા કૃપામદદ માગવાનું બન્યા કરે તો આપણે જરૂર જીવી શકીએ.

'જીવન મંડાણ', બીજી આ., પૃ. ૩૨ ❑

## (૮) ધર્મની ઝાંખી

ગાંધીજી

હું સોળ વર્ષનો થયો ત્યાં સુધી જે અભ્યાસ કર્યો તેમાં ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. શિક્ષકો પાસેથી પણ ખાસ કંઈ ન મળ્યું. એમ છતાં વાતાવરણમાંથી કંઈક ને કંઈક તો મળ્યા જ કર્યું. અહીં ધર્મનો ઉદાર અર્થ કરવો જોઈએ. **ધર્મ એટલે આત્મભાન, આત્મજ્ઞાન.**

મારો જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં. હવેલીએ જવાનું બને પણ તેને વિશે શ્રદ્ધા ઉત્પન્ન ન થઈ. હવેલીનો વૈભવ, ત્યાં ચાલતી અનીતિની સાંભળેલી વાતો, વગેરેથી મન ઉદાસ થઈ ગયું. ત્યાંથી મને કંઈ જ ન મળ્યું.

હું આગળ જણાવી ગયો છું કે હું ભૂતપ્રેત આદિથી ડરતો હતો. કુટુંબની જૂની નોકર મારી દાઈ પાસેથી તેનું ઔષધ રામનામ મળ્યું. મને તો રામનામ કરતાં એ રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી. તેથી મેં બાળવયે ભૂતપ્રેતથી બચવા રામનામનો જપ શરૂ કર્યો. તે બહુ સમય ન ટક્યો, પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ આજે મારા માટે અમોઘ શક્તિ છે.

આ જ અરસામાં મારા એક કાકાના દીકરા જે રામાયણના ભક્ત હતા. તેમણે અમ બે ભાઈઓ માટે રામરક્ષાનો પાઠ શીખવવાનો પ્રબંધ કર્યો. અમે પોરબંદરમાં રહ્યા ત્યાં સુધી પ્રાતઃકાળમાં સ્નાન કરી એ પઢી જવાનો નિયમ નભ્યો. રાજકોટના વાતાવરણમાં તે ભૂંસાઈ ગયું. આ ક્રિયા વિશે પણ ખાસ કોઈ શ્રદ્ધા નહોતી.

પણ જે વસ્તુએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી તે તો રામાયણનું પારાયણ હતી. પોરબંદર હતો ત્યારે પિતાજી રોજ રાત્રે રામજી મંદિરમાં રામાયણ સાંભળતા. સંભળાવનાર લાધા મહારાજ પરમ ભક્ત હતા. એવું સાંભળેલું કે તેઓના કોઢ રામનામના જપથી મટેલા. આ રામાયણ-શ્રવણ મારા રામાયણ પરના અત્યંત પ્રેમનો પાયો છે. **આજે હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.**

પછી રાજકોટમાં એકાદશીના દિવસે ભાગવત વંચાય ખરું, પણ ભટજી રસ ઉત્પન્ન નહોતા કરી શક્યા. રાજકોટમાં અનાયાસે સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ રાખવાની તાલીમ મળી. હિંદુ ધર્મના પ્રત્યેક સંપ્રદાય પ્રત્યે આદરભાવ શીખ્યો, કેમ કે માતાપિતા હવેલીએ જાય, શિવાલયમાં પણ જાય અને રામમંદિરમાં પણ જાય. વળી, પિતાજી પાસે જૈન ધર્માચાર્યોમાંથી કોઈ હંમેશાં આવે. પિતાજી તેઓને વહોવરાવે પણ ખરા. તેઓ ધર્મની તેમ જ વ્યવહારની વાતો કરે. ઉપરાંત, પિતાજીને મુસલમાન અને પારસી મિત્રો પણ હતા. તેઓ પોતપોતાના ધર્મની વાતો કરે. પિતાજી તેમની વાતો રસપૂર્વક અને માનપૂર્વક સાંભળે. આવા વાર્તાલાપ વખતે હું ઘણી વખતે હાજર હોઉં એટલે મારામાં આ બધા વાતાવરણની અસર એ પડી કે સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો.

ખ્રિસ્તી ધર્મ માત્ર આમાં અપવાદ હતો. તેના પ્રત્યે કંઈક અભાવ થયો. તે કાળે હાઈસ્કૂલને ખૂણે કોઈ ખ્રિસ્તી વ્યાખ્યાન આપતા. હિંદુ દેવતાઓની અને હિંદુધર્મીઓની તેઓ બદબોઈ કરતા. આ મને અસહ્ય લાગ્યું. હું એકાદ જ વખત એ વ્યાખ્યાન સાંભળવા ઊભો હોઈશ,

પણ બીજી વખત ત્યાં ઊભવાનું મન જ ન થયું.

આવે સમયે એક હિંદુએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યાનું સાંભળ્યું ત્યારે એને ગોમાંસ ખવડાવવામાં આવ્યું અને દારૂ પિવડાવવામાં આવ્યો. તેનો પોશાક પણ કોટ, પાટલૂન ને અંગ્રેજી ટોપીનો થયો. આ વાતોથી મને ત્રાસ થયો. જે ધરમને અંગે ગોમાંસ ખાવું પડે, દારૂ પીવો પડે, ને પોતાનો પોશાક બદલવો પડે એ ધર્મ કેમ ગણાય ? વળી, જે ભાઈ ખ્રિસ્તી થયા હતા તેણે પોતાના પૂર્વજોના ધર્મના, રીતરિવાજના અને દેશની નિંદા શરૂ કર્યાનું સાંભળવામાં આવ્યું. આ બધી વાતોથી મારા મનમાં ખ્રિસ્તીધર્મ પ્રત્યે અભાવ પેદા થયો.

બીજા ધર્મો પ્રત્યે મારામાં સમભાવ આવ્યો પણ મને કંઈ ઈશ્વર પ્રત્યે આસ્થા હતી એમ ન કહી શકાય. મારા પિતાજીના પુસ્તક સંગ્રહમાંથી મનુસ્મૃતિનું ભાષાંતર હાથ આવ્યું. તેમાં જગતની ઉત્પત્તિ વગેરેની વાતો વાંચી. તેના પર શ્રદ્ધા ન બેઠી. મારી શંકાઓનું કોઈ સમાધાન ન કરી શક્યા.

પણ એક વસ્તુએ જડ ઘાલી - આ જગત નીતિ ઉપર નભેલું છે. અપકારનો બદલો ઉપકાર જ હોઈ શકે. અપકારીનું ભલું ઇચ્છ્યું. એના અગણિત અખતરાઓ આદર્યા. નીતિનો એક છપ્પો હૃદયમાં ચોંટ્યો :-

**પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે,**
**આવી નમાવે શીશ, દંડવત્ કોડે કીજે.**
**આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ,**
**આપ ઉગારે પ્રાણ, તેતણાં દુઃખમાં મરીએ.**
**ગુણ કેડે તો ગુણ દશ ગણો, મન, વાચા, કર્મે કરી,**
**અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી.**

'સત્યના પ્રયોગો અથવા આત્મકથા', પૃ. ૨૯ ❑

## (અનુસંધાન પેજ નં. ૧૦ નું ચાલુ)

તો ખરેખર, તેઓ જાણશે જ. આપણે શું પૃથ્વીને એક પથારી સરખી નથી બનાવી ? અને પર્વતોનો તંબુની મેખો ? તમે શું યુગ્મોમાં નહિ જન્મેલા ? અને તમને આરામ મળે તેટલા સારુ, શું અમે તમને ઊંઘાડ્યા નથી ? અને રાત્રિનો અંચળો ઓઢાડ્યો નથી ? અને દિવસ તમારી રોટી કમાવા માટે નથી બનાવ્યો ? અને તમારી ઉપર સાત આસમાનો બાંધ્યા નથી ? અને ત્યાં એક સળગતો દીવો મૂક્યો નથી ? અને વાદળોને દાબીને પાણીના ફુવારાઓ વરસાવ્યા નથી, કે જેથી અનાજ અને વનસ્પતિઓ સર્વ સ્થળે ઊગે, અને બગીચાઓ વૃક્ષોથી છવાઈ જાય ?' આવી રીતે એ પયગંબરે મનુષ્યોનાં હૃદયો અને મનોમાં દીપક પ્રગટાવ્યા હતા જેથી તેઓ મહાન વસ્તુઓ વિશે વિચાર કરતા થાય, જે વસ્તુઓમાં સ્થાયી સૌંદર્ય હોય, જેમના વડે મનુષ્યોને જાણવા મળે કે જીવનનું જગત કેવું તો ઉમદા છે ?

એટલે આપણે એ બાબતમાં સંમત છીએ કે આવા શબ્દો અને વસ્તુઓ અને **કેટલીક જાતના સમાચારો એવા છે જે આપણે સાંભળવા લાયક નથી તેમ જ બીજાને કહી બતાવવા સરખા નથી,** પરંતુ બીજી બાજુ એવી વસ્તુઓ છે જે સાંભળવા લાયક અને પુનરોચ્ચાર કરવા લાયક છે, ભલે તેમને શોધી કાઢવા માટે આપણે સારા પ્રમાણમાં દુઃખ વેઠવું પડે, સમય અને શક્તિનો ખર્ચ કરવો પડે.

**મનુષ્યની શક્તિ તેના વિચારમાં છે.** તેના અવયવો અને હાથ જે આટલા બધા કૌશલ્યવાળા છે, તે એના વિચારના ગુલામો છે. એ વિચાર જ એમનો નિર્ણય કરે છે અને દોરવણી આપે છે.

'માતૃવાણી-૨', પ્ર.આ., પૃ. ૧૧૦ ❑

## (૯) શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદ સરસ્વતી

*(ગતાંકથી આગળ)*

અમરનાથ મહાદેવના મંદિર સામે રેવાકુંડ છે. સ્કંદ પુરાણમાં રેવાખંડમાં આ સ્થળ નર્મદાજીનું ઉગમ માનવામાં આવ્યું છે. કુંડમાં રેવાનાયક નામના ભીલની મૂર્તિ છે. કથા એવી છે કે રેવાનાયકના ભોળાભાવથી માએ અહીં દર્શન દીધાં હતાં. તે પરથી માતાજીનું બીજું નામ રેવા છે. તે પરથી અહીંના રાજ્યનું નામ રેવા, જેનો અત્યારે સહડોલ જિલ્લો બન્યો છે. અહીં ત્રણ જિલ્લાની સરહદ છે. પૂર્વ તરફ વિલાસપુર, ઉત્તર તરફ સહડોલ અને દક્ષિણે પશ્ચિમ મંડલા. એક એવી માન્યતા છે કે બહુ વરસાદ વખતે કુંડનું પાણી જો રેવાનાયકની પાંપણ સુધી આવે તો ગુજરાતમાં ભારે પૂરથી નુકસાન થયું હશે એમ અહીંના લોક માની લે છે. રેવાકુંડથી પૂર્વમાં ચાર માઈલ દૂર માઈની બગિયા નામનું સ્થળ છે. ત્યાં પણ કુંડ છે. પ્રથમ નર્મદાજી ત્યાં પ્રગટ થયાં ને પછી ગુપ્ત મારગે રેવાકુંડમાં પધાર્યાં એવી લોક માન્યતા છે.

આજે પણ પરકમ્માવાસીઓને માઈની બગિયા જવું જ પડે છે. દક્ષિણ તટની યાત્રાનો પ્રારંભ ત્યાંથી જ કરાય છે. માતાની બગિયાથી ચાર માઈલ પૂર્વમાં માયકા મંડપ નામનું સ્થળ છે. એ ઘોર જંગલમાં છે. વનપશુઓનો ત્યાં ઘણો ડર છે. આદિવાસીની સહાય વગર જવાતું નથી.

કથા એવી છે કે સોનભદ્ર નદ ને નર્મદાજીનું અહીં લગ્ન થવાનું હતું. પણ શું બન્યું તે ખબર નથી. પછી શોણભદ્ર નદ પૂર્વનો ઢાળ ઊતરી ઉત્તર પ્રદેશમાં જઈ શ્રીગંગાજીમાં ભળે છે ને શ્રીનર્મદાજી કુંવારી અવસ્થામાં જ પશ્ચિમ તરફ વહી ગુજરાતને પાવન કરી અરબી સમુદ્રમાં જઈ ભળે છે.

અમરકંટક આવવાના ત્રણ માર્ગ છે : (૧) ઈન્દોર-જબલપુર થઈ વિલાસપુર જતી ગાડીના પ્રોડ્રોરોડ સ્ટેશનથી (૨) સહડોલથી અને (૩) મંડલા ડિંડૌરીથી આવતી સડક. ગમે ત્યાંથી આવો, ઘાટ અડીને જ આવવું પડે છે. કેમ જાણે કુદરતે ઈરાદાપૂર્વક પૃથ્વી પરથી આટલો ભાગ અધ્ધર રાખ્યો હોય. વિંધ્યાચલ અને સાતપુડાની આ પહાડી શ્રેણીમાં તે મેકલપર્વત નામે ઓળખાય છે. તેથી નર્મદાજીનું એક નામ મેકલસુતા પણ છે.

૭ કિ.મિ. લાંબું અને ૨૦૦૦ ફૂટ જેટલું પહોળું મેદાન છે. કહેવાય છે કે પહેલાં આ દલદલ હતું. હવે તો મુંજ નામના ઘાસના થુમણા જ છે. પહેલાં બ્રાહ્મી ઘણી થતી હતી. હવે તો માત્ર નામ જ છે. મેદાનની વચ્ચે ધોરીયાની જેમ નર્મદાજી વહે છે. ૨૦ વર્ષ પહેલાં અહીં માતાજીનું મંદિર, ફલાહારી બાબાનું સ્થાન, રામબાઈ ધર્મશાળા ને પાંચ-સાત ઝૂંપડાં હતાં. ધોળે દિવસે વનપશુ આંટા મારતાં દેખાતાં. હવે તો નાનકડું ગામ વસી ગયું છે. અહીં બરફાનીબાબા ને કલ્યાણ આશ્રમ જેવી મોટી સંસ્થા બની છે. અહીં હજુય રાત્રે ૧૦ પછી બહાર ફરવામાં સલામતી નથી. રીંછદાદા રોજ ફેરી મારવા આવે છે. માણસને મારી જ નાખે (ખાતું નથી.)

મહાશિવરાત્રિએ મોટો મેળો ભરાય છે. વળી દર પૂનમે ને અમાસે પણ ભક્તો આવે છે. હવે તો સહેલગાહે પણ ઘણાં આવે છે. સમુદ્રથી

**(અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)**

## (૧૦) પરમ જ્યોતિ : આત્મજ્યોતિ

ભાણદેવ

*(તા.૧-૫-'૧૮ના 'ભૂમિપુત્ર'ના અંકમાં 'ભક્ત નરસિંહનો જ્ઞાનયોગ-૧'નો શ્રીભાણદેવનો લેખ પ્રકાશિત થયો છે. ચાર મહાવાક્યો (૧) तत्त्वमसि (સામવેદ) (૨) अहं ब्रह्मास्मि (યજુર્વેદ), (૩) प्रज्ञानं ब्रह्म (ઋગ્વેદ), (૪) अयमात्मा ब्रह्म (અથર્વવેદ) અંગે વિશ્લેષણ છે. તે ઉપરાંત, આત્મજ્યોતિ સ્વંય જ્યોતિ છે એ ગહન વિષય અંગે મહારાજ જનક અને તેમના ગુરુ મહારાજ મહર્ષિ યજ્ઞવલ્ક્ય વચ્ચે જે સંવાદ થયો છે, તેમાંથી સંસ્કૃત ભાષાનાં અવતરણોના બદલે તેમના ભાવાર્થની વિગતો સાથેનું આ સંકલિત પ્રકાશન છે - સં.)*

બૃહદારણ્યકોપનિષદમાં અધ્યાત્મતત્ત્વનો એક ઘણો મૂલ્યવાન અને ગહન સંવાદ છે. મહારાજ જનકના ગુરુ છે - મહર્ષિ યાજ્ઞવલ્ક્ય. એકવાર મહર્ષિ જનક મહારાજ પાસે જાય છે. તે વખતે તેમની વચ્ચે આ સંવાદ થાય છે.

જનક મહારાજ : આ પુરુષની જ્યોતિ કઈ છે ?

મહર્ષિ : સૂર્ય જ્યોતિ.

જ.મ. : સૂર્યનો અસ્ત થાય ત્યારે આ પુરુષની કઈ જ્યોતિ છે ?

મહર્ષિ : ત્યારે ચંદ્ર જ્યોતિ છે.

જ.મ. : સૂર્ય અસ્ત થાય, ચંદ્રનો પણ અસ્ત થાય ત્યારે (આ પુરુષની) કઈ જ્યોતિ છે ?

મહર્ષિ : ત્યારે અગ્નિ જ્યોતિ છે.

જ.મ. : સૂર્ય અસ્ત પામે, ચંદ્ર અસ્ત પામે અને અગ્નિ શાંત થઈ જાય ત્યારે આ પુરુષની કઈ જ્યોતિ છે ?

મહર્ષિ : ત્યારે આ પુરુષની વાણી જ્યોતિ છે.

જ.મ. : સૂર્ય અસ્ત પામે, ચંદ્ર અસ્ત પામે, અગ્નિ શાંત થઈ જાય અને વાણી પણ શાંત થઈ જાય ત્યારે આ પુરુષની કઈ જ્યોતિ છે ?

મહર્ષિ : (રાજન્ ! ત્યારે આ પુરુષની) आत्मैव ज्योतिर्मवति – આત્મા જ જ્યોતિ બને છે.

સર્વ જ્યોતિ જેના પ્રકાશથી પ્રકાશિત થાય છે, તે પરમ જ્યોતિ આત્મજ્યોતિ છે. અહીં આ ક્રમમાં આત્મજ્યોતિનો ક્રમ પાંચમો છે, તેથી તેને પંચમ જ્યોતિ કહેલ છે. આ પંચમ જ્યોતિ અર્થાત્ આત્મ જ્યોતિ જ સર્વ જ્યોતિની જ્યોતિ છે. આ આત્મજ્યોતિ સ્વયંજ્યોતિ છે. આત્મજ્યોતિને અન્ય કોઈ જ્યોતિના આધારની આવશ્યકતા નથી.

બૃહદારણ્યકોપનિષદ (૪-૩)ના આ પંચમજ્યોતિ પ્રકરણમાં જે અધ્યાત્મદર્શન વ્યક્ત થાય છે, તે દર્શન ભક્ત નરસિંહના આ પદમાં વ્યક્ત થયું છે :-

**બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી,**
**અચળ ઝળકે સદા વિમળ દીવો;**
**નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો**
**વણ જિહ્‌વાએ રસ સરસ પીવો.**
**અકળ અવિનાશી એ, નવ જાયો કળ્યો,**
**અરધ-ઊરધની મધ્યે મહાલે.**
**નરસૈયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો,**
**પ્રેમના તંતમાં સંત ઝાલે.**

આ બત્તી વિણ, તેલ વિણ અને સૂત્ર વિણ જે દીવો ઝળકી રહ્યો છે તે દીવો અચળ ઝળકે છે અને સદા શાશ્વત જ છે. પંચમ જ્યોતિ જ છે આ દીવો વિમળ અર્થાત્ પરમ શુદ્ધ છે. મેશ

પેદા કરે એવો આ દીવો નથી. આ આત્મરૂપી દીવો છે. આત્મજ્યોતિ છે, પંચમજ્યોતિ જ છે.

ભક્ત નરસિંહ આગળ કહે છે - આ દીવો એવો છે કે જેને નેત્રવિણ નીરખવો છે, અને રૂપવિણ પરખવો છે. આ આત્મજ્યોતિનો દીવો અરૂપ છે.

આ આત્મતત્ત્વ પરમ રસ સ્વરૂપે છે. ઋષિ જેને 'રસો વૈ સઃ' કહીને પરમ સ્વરૂપ કહે છે તે આત્મજ્યોતિનું અહીં નરસિંહ કથન કરે છે. વણ જિહ્વાએ રસ સરસ પીવો છે. જિહ્વાનો ઉપયોગ કર્યા વિના જે રસનું પાન કરી શકાય તે રસ આત્માનો રસ છે; બ્રહ્માનંદ છે, સચ્ચિદાનંદનો આનંદ છે.

અકળ અવિનાશી, નવ જાયે કળ્યો; આ આત્મજ્યોતિ ઇન્દ્રિયો માટે અકળ છે કારણ કે તે ઇન્દ્રિયાતીત છે. આ આત્મજ્યોતિ અવિનાશી છે. અનાદિ અને અનંત છે, કાલાતીત છે. મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર દ્વારા પણ તે કળી શકાય તેમ નથી. આ આત્મજ્યોતિનું સ્થાન સર્વવ્યાપી છે. એટલે નરસિંહ એને અરધ-ઊરધની મધ્યે મહાલે એમ કહે છે. અરધ એટલે અધઃ અને સૌથી નીચે, ઊરધ એટલે ઊર્ધ્વ અર્થાત્ સૌથી ઉપર.

સૌથી નીચે અને સૌથી ઉપર- આ બેની વચ્ચે આ પરમ જ્યોતિ મહાલે છે. આ પંક્તિનો અર્થ એવો છે કે આ આત્મતત્ત્વ સર્વવ્યાપી છે. આ અસ્તિત્વમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આ આત્મજ્યોતિ ન હોય. રજ રજમાં અને કણકણમાં તે જ મહાચૈતન્ય વિલસી રહ્યું છે.

નરસિંહ કવિ પછી છે, પહેલાં તે પરમ ભક્ત છે અરે પરમજ્ઞાની પણ છે અને અનુભવસિદ્ધ જ્ઞાની છે. શાંડિલ્ય વિદ્યાનું ઘણું પ્રસિદ્ધ, પ્રધાન અને પાયારૂપ વિધાન છે : **'સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ'** આ વિશ્વમાં જે કાંઈ દેખાય છે તે બ્રહ્મ છે. ભક્ત નરસિંહ જ્ઞાની પણ છે તે વ્યક્ત કરતી રચના :

**અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,**
**જૂજવે રૂપે અનંત ભાસે.**

આ રચનાનું વિશ્લેષણ પણ શ્રીભાણદેવે દરેક કડીના ઉલ્લેખ સાથે પ્રસ્તુત લેખમાં કરેલ છે-સં.)

'ભૂમિપુત્ર', મે-૨૦૧૮ (સાભાર) ❑

**(અનુસંધાન પેજ નં. ૧૪ નું ચાલુ)**

૯૦૦ માઈલ દૂર હોવાથી અહીં ઘણી ઠંડી પડે છે. પવન પણ ઘણો વાય છે. શિવરાત્રિએ ઘણે ભાગે માવઠું થાય જ છે.

સમુદ્રથી અહીં સુધી આવતાં અમે ભરૂચ, વડોદરા જાળવાં, ખરગોન, દેવાસ, રાયસેન, સિહોર, નરસિંગપુર, જબલપુર, મંડલા અને સહડોલ એમ બાર જિલ્લામાંથી પસાર થતા આવ્યા છીએ. તેમાં બે જિલ્લા ગુજરાતના અને બાકીના દસ મધ્યપ્રદેશના છે.

આધ્યાત્મિક સાધનાને ભૌતિકરૂપે જો અનુભવવી હોય તો શ્રીનર્મદાજીની પરકમ્મા જ બસ છે. કદાચ એટલા માટે જ મહાપુરુષોએ આ યાત્રાની યોજના કરી હોય. મૃત્યુ વખતે જીવને અનિચ્છાએ બધું છોડીને જવું પડે છે ને કર્મ પ્રમાણે ફળ ભોગવવું પડે છે એવી કથા ગરુડ-પુરાણમાં ને બીજાં પુરાણોમાં આવે છે. ભૂખ-તરસથી તડપાવવું, ધગધગતા અંગારા કે કાંટાઓ ઉપર ચલાવવું વગેરે. સ્વેચ્છાએ આ પરિક્રમાનો સ્વીકાર કરેલો હોય તો તેને દુઃખ જેવું લાગતું નથી. ને વિશેષમાં પ્રકૃતિની ભવ્યતા અને સુંદરતાનો નિત્ય નવીન આનંદ મેળવે છે (ક્રમશઃ)

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ. પૃ. ૧૪૪ ❑

## (૧૧) પૂજ્ય શ્રીમોટા સાથેનાં મારાં સંભારણાં : (૨)

**રજનીભાઈ બર્માવાલા**

*(ગતાંકથી આગળ)*

મ્યાનમાર(બર્મા)માં રહેતા ગુરુએ મોકલેલ ઔષધિ મારા મિત્ર ધનેશ કાપડિયાએ અમેરિકા પહોંચીને By AIR મોકલેલ પાર્સલ મને મલી જતાં એ ઔષધિના સેવનથી મારી તકલીફો થોડી નરમ પડી હતી, પરંતુ તેના કાયમી ઉકેલ માટે ગુરુજીએ તા.૨૪-૧-'૬૮નો જે પત્ર મને લખેલ, તે પત્રમાં જણાવાયેલ ઉપાય તરીકે શ્રીમોટા સાથે મારી મુલાકાત થઈ અને તેમની સાથે સંબંધ બંધાયો.

ગુરુજીએ એ પત્રમાં મને જણાવેલ કે આજે આપણી વચ્ચે હજારો માઈલનું અંતર પડી ગયું છે. એટલે આપણે અહીં રંગૂનમાં સામસામે હોત તો વાત જુદી હતી. છતાં આના કાયમી ઉકેલ માટે કોઈ પવિત્ર સાધુ-સંત કે જેઓ ઉચ્ચ કક્ષાના જ્ઞાની, સમાધિસ્ય અને આત્મશક્તિ ધરાવતા હોય તેને શોધીને મળવું અને તેઓશ્રીને તારી તકલીફો, મુશ્કેલીઓ જણાવવી.

ગુરુજીએ વિશેષમાં લખ્યું હતું કે ત્યાં ભારતમાં આવા ઘણા સંતો હોય છે અને મને ખાતરી છે કે તને કોઈ મળી જશે. હું મારા આશીર્વાદ અને સદ્ભાવ મારા આત્મબળથી તને મોકલીશ. જેથી તને એવી વ્યક્તિની મુલાકાત થઈ જશે. તને જે કોઈ સાધુ-સંત મળે તેઓશ્રીને તારે કહેવું કે બર્માના ગુરુજીની સલાહથી તમને મળવા આવ્યો છું. તેઓશ્રી તારી બધી મુશ્કેલીઓ દૂર કરશે. દરમિયાનમાં મારી મોકલેલી ઔષધિઓ લેતો રહેજે અને આપણા આધ્યાત્મિક શ્રીસદ્ગુરુને પ્રાર્થના કરતો રહેજે, જે યોગ્ય સંત મેળવી આપવામાં મદદ કરશે.

હાલના વિવિધ સંપ્રદાયોમાં લોભી-લાલચુ અને વિલાસી બાવાઓની કોઈ ખોટ નથી. એ જ પ્રકારની પરિસ્થિતિ અને ૧૯૬૮માં હતી. મારા ગુરુજીએ જણાવ્યા પ્રમાણેના જ્ઞાની-આત્મનિષ્ઠ સંતને શોધવા એ ઘાસની ગંજીમાંથી સોયને શોધવા જેટલું કઠિન કાર્ય હતું. એટલે મારા મનમાં ઘણી ગડમથલ ચાલતી હતી. તે સમયમાં પ્રખ્યાત શ્રીસત્યસાંઈબાબાને અથવા શ્રી દલાઈ લામાને રૂબરૂ જઈને મળવાના વિચારો આવતા હતા. પણ કંઈ મેળ પડ્યો ન હતો. પણ ગુરુજીના આશીર્વાદ અને શ્રીમોટાની કોઈ ગૂઢ શક્તિથી તે સમયે ખાસ પ્રખ્યાતિમાં નહિ આવેલા શ્રીમોટા સાથે મારો ભેટો થઈ ગયો.

તે અરસામાં મારું રહેણાંક ગોપીપુરા નવસારી બજાર સુરતમાં હતું. મારાં માતાપિતા તેમ જ ભાઈબહેનો સાથે હું રહેતો હતો. એક સાંજે એ ઘરના ઊમરા ઉપર હું ઊભો હતો અને દિલમાં ઘુમરાઈને એકદમ સ્ફુરિત થયું કે **'મોટા મારા ગુરુ છે.'** માટે મારે તેઓને મળવું. અગાઉ કહ્યું તેમ તે સમયે મોટા બહુ ખ્યાતિમાં આવ્યા નહોતા. હરિઃૐ આશ્રમ નડિયાદ તેમ જ હરિઃૐ આશ્રમ સુરત દ્વારા સમાજલક્ષી પ્રવૃત્તિઓના કારણે એક સમાજ સેવક તરીકે થોડા થોડા જાણીતા થયા હતા.

મારા મિત્રો-આજુબાજુના પાડોશીઓને

પૂછપરછ કરી તો તેઓનો જવાબ હતો કે અમે એવા કોઈ મોટાને જાણતા નથી. શ્રીરંગઅવધૂત, શ્રીમહર્ષિ અરવિંદ તેમ જ શ્રીમુક્તાનંદ બાબાની પ્રસિદ્ધિ લોકોમાં હતી. એ રીતે મોટા અજ્ઞાત જેવા હતા, પણ મોટાને શોધવાની ગરજ મને જાગી હતી. એટલે જેને ને તેને પૂછપરછ કરતો હતો. એવામાં એક બહેન જેઓને અમે શાંતિમાસી કહેતાં હતાં તેઓને પૂછ્યું. તો તેમણે તો સુરતી ભાષામાં જવાબ આપ્યો કે મૂઆ ! જહાંગીરપુરામાં તાપી નદીના કિનારે સ્મશાનના ઓવારા પાસે હરિઃૐ આશ્રમ છે ત્યાં તને મોટા મળે. આ માહિતી મળતાં હું રાજી થયો. એ સમય હતો ફેબ્રુ/માર્ચ ૧૯૬૮નો.

શ્રીમોટાનાં કપડાં ધોઈ આપતા ધોબી શ્રી બેચરભાઈ દ્વારા શાંતિમાસીએ મોટાની વાતો પાડોશી તરીકે સાંભળેલી. વળી, શાંતિમાસી દાયણનું કાર્ય કરતાં હતાં. ડિસેમ્બર, ૧૯૪૨માં તેમના હસ્તક જ મારો જન્મ થયો હતો. તે અરસામાં અમારો પરિવાર બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાનીઝ લશ્કરના બોમ્બમારાથી બચીને સુરત આવ્યો હતો.

એક સાંજે હું હરિઃૐ આશ્રમે શ્રીમોટાને મળવા માટે પહોંચી ગયો. ત્યારે મોટા ભાગે શ્રી ઝીણાકાકા જ હશે. તેમના તરફથી જવાબ મળ્યો કે મોટા હાલ અહીં નથી અને અમુક તારીખે સવારના ૬ થી ૯ દરમિયાન મળી શકાશે. એટલે એ દિવસે એસટી ડેપોથી વરિયાવની બસ પકડી આશ્રમ જવા નીકળ્યો તો ત્યાં મોટાના કેટલાક ભક્તો હતા. તેમાંના એક જણે મને પૂછપરછ કરી.પરદેશથી આવ્યાનો મનમાં ફાંકો હજી મારામાંથી ગયો ન હતો એટલે એવા ભાવથી ઓળખાણ આપી અને મોટાને મળવા હરિઃૐ આશ્રમ જવાની પણ વાત કરી એટલે એ ભાઈએ મને કહ્યું કે અમે પણ મોટાને મળવા ત્યાં જ જઈએ છીએ અને મારું નામ રતિલાલ ગિરધરલાલ રંગૂનવાળા છે. અમે પણ સને ૧૯૪૨ના વિશ્વયુદ્ધ વખતે બર્મા છોડીને અહીં સુરતમાં સ્થાયી થયા છીએ. તમારા પિતાશ્રી પોપટલાલને હું ઓળખું છું. કલકત્તાથી રંગૂન અમે સાથે જ સ્ટીમરમાં જતા હતા.

આમ, એક રંગૂનવાળા સાથે હું પણ બર્માવાળા તરીકે શ્રીમોટાની મુલાકાતે આશ્રમે પહોંચ્યો. ત્યારે શ્રીમોટા તેમના નિવાસસ્થાનના ઓટલા ઉપર પલંગમાં સૂતેલા હતા (ક્રમશઃ) ❑


પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો અમદાવાદ ખાતે મેળવવા અંગે જાણકારી

**શ્રી નીતિનભાઈ રામી**

સ્થળ : ૧૯, દિવ્યા બંગ્લૉઝ, શરણમ્ ૭,૮,૯ પાસે,
ચંદન પાર્ટી પ્લૉટ પાસે, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન : (૦૭૯) ૨૬૯૨૩૫૮૪, મો.: ૯૮૨૫૦૩૮૧૦૧

# (૧૨) ગુરુજનો દ્વારા ગુરુજ્ઞાન

કાર્તિકેય અ. ભટ્ટ

ગુરુ વિશેની સમજ કોઈ વિદ્વાન-પંડિત કે કથાકાર દ્વારા, શાસ્ત્રોના કોઈ ઊંડા અભ્યાસી દ્વારા અપાય અને એ જ વિશેની સમજ જેઓ સ્વયં ગુરુપદમાં અધિષ્ઠિત થયા છે, જેઓ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ છે તેવા આત્મોજ્ઞ મહાપુરુષો દ્વારા અપાય એની મજા જ કંઈક ઑર છે. ગુરુપૂર્ણિમા નિમિત્તે જેઓની આત્મામાં નિષ્ઠા થઈ હતી એવા સોટચના ગુરુજનો જેવાં કે આદિશંકરાચાર્ય, શ્રીઆનંદમયી, શ્રીમોટા, શ્રીઅરવિંદ, શ્રીરમણ મહર્ષિ, શ્રી વિવેકાનંદ, શ્રીરણછોડદાસજી, શ્રીરંગઅવધૂતજી વગેરે દ્વારા અપાયેલ ગુરુવિચારની વાત સંકલિત કરીને ટૂંકમાં જ રજૂ કરી છે.

'ગુ' અને 'રુ'. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. અજ્ઞાનના અંધકારને જે વિખેરી નાખે, તે ગુરુ છે. મા તમને જન્મ આપે અને માતાપિતા તમને મોટા કરે, પછી ગુરુનું કામ શરૂ થાય છે. તે તમારા જીવનનો અર્થ પૂર્ણ કરવામાં મદદ કરે છે. શ્રીમોટા, એક સંતના આ વાક્યને ટાંકતા, "He comes not to teach but to awaken." શ્રીરમણ મહર્ષિએ કહ્યું છે કે એ જરૂરી નથી કે ગુરુ માનવ સ્વરૂપે જ હોય. દત્તાત્રેય ૨૪ ગુરુ કર્યા હતા. મહર્ષિએ અરુણાચલ પર્વતને પોતાના ગુરુ તરીકે બિરદાવ્યો હતો. વિવેકાનંદજી કહે છે કે જે શાસ્ત્રના મર્મને પામી ચૂક્યા છે એ સાચા ગુરુ છે. 'ઈશ્વર, ગુરુ અને આત્મા જુદા નથી' એ શ્રીરમણના વિધાનને સંતજ્ઞાનેશ્વર 'ગુરુ વ્યક્તિરૂપે આવિર્ભૂત ચેતનાની એક અવસ્થા છે, જે વૈશ્વિક ચેતના સાથે સમરસ હોય છે' એ વિધાન દ્વારા પુષ્ટિ આપે છે.

જેમના પ્રત્યે તમને સન્માનની લાગણી થાય, જેની હાજરીમાં તમારા સંકલ્પ વિકલ્પ વિલીન થઈ જાય. જેમની પાસે તમને પરમ શાંતિનો અનુભવ થાય તેવી વ્યક્તિને ચેતનનિષ્ઠ વ્યક્તિ તરીકે ઓળખાવી શકો. મહર્ષિ પતંજલિ કહે છે, 'જે મહાપુરુષ ક્લેશથી, કર્મથી, પૂર્વકર્મના વિપાકથી તેમ જ આશયોથી જરાપણ સ્પર્શિત ન થયો હોય તે મહાપુરુષને આપણા જીવનને ઘડવા માટેના નિયંતા તરીકે જ ગણવો જોઈએ.' આવી વ્યક્તિ પોતાને પોતાની જાતને ખુલ્લી કરતી નથી, પરંતુ શિષ્ય થવાની યોગ્યતા ધરાવતી વ્યક્તિ પ્રત્યે તે ખુલ્લી થાય છે. વિમલાબહેન ઠકાર તો એટલે સુધી કહે છે કે 'જેમની સમજણ શતદલ કમળની જેમ પૂર બહારમાં ખીલી ઊઠી છે, જ્યાં અહંકારનું પૂરું નિરસન થઈ ગયું છે અને જેમના શરીરમાંથી વિશ્વચેતના વ્યક્ત થઈ રહી છે, તેવી ગુરુપદમાં સ્થિર થયેલી વ્યક્તિ અને આ બાજુ જેમનાં ચિત્તમાં સાધનાની ઉત્કટતા છે, મુક્તિની તમન્ના છે એવી શિષ્યાવસ્થા અને પેલી ગુરુઅવસ્થા આ બેય અવસ્થાઓનું મિલન કરાવવું એ જીવનની એક જવાબદારી છે.'

સદ્‌ગુરુ પ્રત્યેના શિષ્યના કર્તવ્યની વાત કરતા શ્રીમોટા કહે છે કે ગુરુ માગે છે શિષ્યનો 'પ્રેમભર્યો, સત્કાર, સ્વીકાર, સહકાર અને સહચાર' તો જ ગુરુ સાથે એકરાગ થઈ શકે. શ્રી વિવેકાનંદ કહે છે કે જ્યાં સુધી ઈશ્વરને પામવાની તીવ્ર જિજ્ઞાસા જાગ્રત થતી નથી

ત્યાં સુધી ગુરુનું આગમન થતું નથી. સદ્‌ગુરુ કહો કે ગુરુ કહો એમનું આગમન થાય પછી ગુરુસમક્ષ ખુલ્લા થવું પડે છે. શ્રીઅરવિંદે આ સંદર્ભમાં કહ્યું છે, 'ગુરુ પાસે ખુલ્લા થવાથી વિઘ્નકારી તત્ત્વો દૂર થાય છે. આંતરશુદ્ધિમાં મદદ મળે છે અને ગુરુ સાથેના શિષ્યના સંબંધો નિકટના, ઘનિષ્ઠ અને અસરકારક બને છે.' શ્રીમોટાની કાર્યપદ્ધતિનું વર્ણન કરતા શ્રી એ. જી. ભટ્ટસાહેબ લખે છે કે સાધકના સ્વભાવનું દિવ્યરૂપાંતર કરી તેનો આધ્યાત્મિક વિકાસ સાધવાનું કાર્ય ગુરુ દ્વારા થતું હોય છે..... આ કાર્યમાં વાણીનો ઘણો જ ઓછો ઉપયોગ કરે છે. નિરંતર આંદોલનો મોકલી સાધકની સુષુપ્ત ચેતના જગાડી, તેના જીવનનું સાચું ઘડતર કરવામાં સહાયક બને છે. ગુરુના ચમત્કારોની વાત કરીએ તો સર્વ ચમત્કારોમાં સાધકની પ્રકૃતિનું રૂપાંતર કરવાનો ચમત્કાર સર્વોપરી મહત્ત્વનો છે. અહીં આદિ શંકરાચાર્યને નોંધવાનું પ્રલોભન જતું કરી શકતો નથી. 'ગુરુદેવને જો પારસમણિ જેવા માનીએ તો એ પર્યાપ્ત નથી, કારણ કે પારસમણિ તો લોઢાને માત્ર સોનું બનાવે છે. પોતાના જેવા પારસમણિ બનાવતો નથી. જ્યારે સદ્‌ગુરુ તો પોતાનાં ચરણનો આશરો લેનાર શિષ્યને પોતાના જેવો જ બનાવે છે.'

**'પોતાની સમકક્ષાનો એને શરણે જાય જે,**
**તેને, બનાવવાનો છે ધર્મ સદ્‌ગુરુનો હ્રદે.'**

શ્રીમોટાની 'સદ્‌ગુરુ'માં લખાયેલ આ પંક્તિઓ ઉપરોક્ત વિધાનને અનુમોદન આપે છે. શ્રીરણછોડદાસજી મહારાજ કહે છે કે ગુરુદેવને બ્રહ્મા એટલા માટે કહે છે કે તેઓ શરણાગતના હ્રદયમાં શુભ સંસ્કારના બીજનું નિર્માણ કરે છે. વિષ્ણુશક્તિ દ્વારા રક્ષા, પાલન અને પુષ્ટિનું ત્રિવિધ કાર્ય કરે છે અને શિવ-શક્તિ દ્વારા કામ, ક્રોધ આદિ તેમ જ રાગાદિ અશુભ સંસ્કારોનો નાશ કરે છે. આમ, સદ્‌ગુરુમાં સચ્ચિદાનંદ પૂર્ણબ્રહ્મની ત્રણશક્તિ ત્રણ રીતે અભિવ્યક્ત થાય છે.

કાનગઢના સ્વામી શ્રીરામદાસની આ વાત સાથે સમાપન કરીશું, 'ગુરુ ક્યારેય મરતા નથી. એ શરીરમાં હોય કે ન હોય, શરીર એ ગુરુ નથી. અમર આત્મા એ ગુરુ છે અને આત્મા ક્યારેય મરતો નથી. ગુરુનું શરીર પડ્યા પછી પણ ગુરુની મદદ શિષ્યને મળ્યા કરે છે.' ❏

**હાર્દિક ઉદારતા**

હાર્દિક ઉદારતા એટલે જ જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ. પતિપત્ની વચ્ચે સ્વભાવના, દૃષ્ટિકોણના, બુદ્ધિના કે એવા ગમે તે જાતના વિભાજક ભેદો હોય તોપણ જો બેમાંથી એકમાં પણ આવો હાર્દિક ઉદારતાનો ગુણ કેળવાયો હશે તો છેવટે તો તેઓ એકબીજામાં ભળી જ જાય છે અને પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારી શકે છે.

દુનિયા આપણી જ રાહે ચાલે, આપણા જ વિચારોને અનુસરે, આપણાં જ મૂલ્યાંકનો સ્વીકારે, આપણી જ રહેણીકરણીને અપનાવે અને આપણી જ લાગણીને માન આપે એવી એવી આશાઓ સેવ્યા કરવાથી આપણે જ દુઃખી થઈએ છીએ.

આપણે કેવળ પોતાના ભલા સારુ પણ ઉદાર માનસ રાખવાની જરૂર છે.

'જીવન સંદેશ', પ્ર.આ. પૃ. ૧૩૪ **શ્રીમોટા**

# (૧૩) ભય, અભય અને નિર્ભય

શ્રીદાસાનુદાસ

ઈશ્વરનું એક નામ અભય છે. અભય એટલે નિર્ભયકર્તા શ્રેષ્ઠ સ્થિતિ. નિર્ભય તેને કહેવાય કે જગતના કોઈ પણ પ્રાણી પદાર્થથી કે પ્રસંગથી ભયભીત થતો નથી, પરંતુ અભય તેને કહેવાય કે જેનાથી જગતના જીવજંતુ પક્ષી કે પ્રાણીને જરાયે ભય લાગતો નથી. હવે અભય એવા ઈશ્વરને જોવા, જાણવા અને અનુભવવા માટે પ્રથમ નિર્ભય થવું જોઈએ.

'સંપૂર્ણપણે નિર્ભયતા પ્રાપ્ત થતાં જ આપોઆપ અભયપણું ધીરે ધીરે આવવા માંડે છે.'

જીવમાત્રને ચાર ભય છે :

(૧) વટલાઈ જવાનો

(૨) ચોરાઈ જવાનો

(૩) લોકૈષણાનો

(૪) મૃત્યુનો

સમાજમાં નાતજાતના ભેદ પાડીને કંઈકને શ્રેષ્ઠ અને કંઈકને કનિષ્ઠ કરાવ્યા પછી કનિષ્ઠનું ધન શ્રેષ્ઠ માનવી ખાય તો વટલાઈ જાય આ રીતની પ્રથા ચાલુ થઈ, પરંતુ દેશકાળ બદલાય એમ પ્રથા બદલવી જોઈએ. નહિ તો પછી 'સાપ ગયા અને લિસોટા રહ્યા' એવું આંધળિયું જ્ઞાન મજબૂત બની જાય. એ કાળ માટે એ વાજબી હતું જ. આ કાળમાં ઉચ્ચ માની લીધેલી ન્યાતમાંના માનવીમાં શું નીચ વિચાર નથી ? અથવા નીચ માની લીધેલી ન્યાતમાંના માનવીમાં શું ઉચ્ચ વિચાર નથી ?

હવે બીજો ભય ચોરીનો. તેને ટાળવા માટે દૃઢપણે માનવું જોઈએ કે ચોરી એટલે શું ? વધુ ધન કે સામાનવાળો માણસ ચૂપચાપ ધન-સામાન લઈ જાય તેનું નામ ચોરી કહેવાય છે, પરંતુ આપણે બીજાની જરૂરિયાતોનો ખ્યાલ કર્યા વિના અહંકારયુક્ત આસક્તિયુક્ત અને મમત્વે કરીને આપણી સાચી જરૂરિયાતો ઉપરાંત ઘણું બધું ભેગું કરી નાંખીએ તો શું આપણે કુદરતના ચોર નથી ? ચોર છીએ જ અને માટે જ 'ચોરને ત્યાં ચોરી થાય' એમાં ખોટું શું છે ? એવો ભય રાખવાનો હોય જ નહિ. જે ધન કે પદાર્થો આપણને સહજપણે પ્રાપ્ત હોય છે અથવા જે આપણા ભાગ્યમાં ભોગવવાનું જ હોય છે તેની તો કદાપિ ચોરી થતી જ નથી. તેથી એ ભય પણ નકામો છે.

જે સંપત્તિ મળવા બાબતના, સાચવ્યા બાબતના, વધારવા, વાપરવા અને ચોરાઈ જવા બાબતના તર્કવિતર્કો આપણને મૂંઝવતા હોય તે સંપત્તિ આપત્તિની માતા છે એમ નક્કી માનવું. 'સહેજે આવે, સહેજે જાય, સહેજે વધે, સચવાય અને વપરાય તે જ સાચી સંપત્તિ છે. જે તારું છે તેને તાળું કેવું ? જે તારું નથી તે તાળાંમાંથી પણ જાય છે. ૐ'

હવે લોકૈષણાનો ભય જોઈએ. આપણે નામધારી એક જીવ છીએ. નામની એક બાજુ નામના છે જ્યારે બીજી બાજુ નામી છે. નામના મેળવવા પ્રયત્ન કરશો તો નામી નહિ મળે, પરંતુ નામી (પરમાત્મા) મેળવવા પ્રયત્ન કરશો તો સહેજે નામના (કીર્તિ) પ્રાપ્ત થશે. આ રીતે નામી તરફ નજર રાખવાથી નામી અને નામના

બન્ને પ્રાપ્ત થાય છે. તો પછી કેવળ નામના તરફ શા માટે નજર રાખવી ?

નરસિંહ, મીરાં, ધ્રુવ, પ્રહ્‌લાદ વગેરેએ નામી તરફ નજર રાખી તો તેમને સહેજે નામના પ્રાપ્ત થઈ. હજી સુધી આપણે તેઓની નામનાને ગાઈએ છીએ ! માટે લોકૈષણાની લાલચ ને નિંદાનો ભય છોડો. શ્રીકબીરજીએ કહ્યું છે કે ઈશ્વરી આનંદને પામવો હોય તો ‘નિંદા, સ્તુતિ જગતકી-દોનોં કે શિર ધૂલ.’

જો તું જગતની સ્તુતિ સાંભળીશ તો અભિમાની થઈશ અને જો જગતની નિંદા સાંભળીશ તો ક્રોધી થઈશ. અભિમાની અને ક્રોધી કદાપિ ઈશ્વરી આનંદને પામી શકતા નથી. ઉપરાંત, ઉદ્વેગના વમળમાં અટવાઈ મરે છે. માટે નિંદા અને સ્તુતિ ઉપર ધૂળ વાળ અને આગળ જા. ૐ આનંદ, આનંદ, આનંદ.

હવે મૃત્યુના ભયને વિચારીએ. ‘મૃત્યુ એટલે દેહ સહિત જીવાત્માનું સ્થળાંતર-રૂપાંતર થવું તે.’ મૃત્યુ ઘણી જાતના છે. ઉચ્છ્‌વાસ એ પણ ક્ષણિક મૃત્યુ જ છે, પરંતુ તેમાં આપણું જરાયે સ્થળાંતર થતું નથી અને સૂક્ષ્મ રીતે જીવનું થયેલું રૂપાંતર આપણી આ નજરે દેખાતું નથી તેથી તેનો ભય લાગતો નથી. છીંક, બગાસું, લપસી જવું, પડી જવું ઈત્યાદિ કંઈ પણ પ્રસંગ અચાનક બને છે તે પણ ક્ષણિક મૃત્યુ જ છે. તે વખતે જીવાત્મા આ શરીર તેમ જ સંજોગોથી ક્ષણભર અભાન બનીને અંતઃકરણના ઊંડાણમાં જતો રહે છે. પરંતુ તુર્ત જ પાછો દેહમાં તેમ જ જગતમાં જેમ હતો તેમ વ્યવસ્થિત આવી જવાથી તેનો પણ ભય લાગતો નથી. મતલબ કે અભાન મૃત્યુનો ભય નથી. બસ, કેવળ ભય છે અજ્ઞાનતાના સભાનપણાનો.

**જેમ નિદ્રાથી આખા દિવસનો આ શરીરનો લાગેલો થાક ઊતરે છે તેમ આખા જીવનનો આ મનબુદ્ધિને લાગેલો થાક મૃત્યુથી ઊતરે છે.**

‘નિદ્રા પણ નાનું મૃત્યુ જ છે અને એ રીતે મૃત્યુ એ મોટી નિદ્રા છે.’ ફેર એટલો જ છે કે નિદ્રામાં અભાન રૂપાંતર છે અને સ્થળાંતર જરાયે નથી. તેથી ભય નથી. જ્યારે મૃત્યુમાં રૂપાંતર જરાયે નથી પણ સ્થળાંતર મોટું છે.

જીવ દેવલોકમાં, મૃત્યુ લોકમાં તેમ જ અન્ય સ્થળોએ એકસરખો વ્યાપ્ત હોવાથી તેને જરાયે દૂરપણું કે બદલવાપણું લાગતું જ નથી પણ જ્યાં સુધી આપણે એટલી બધી વિશાળતામાં આપણી દૃષ્ટિને વિશાળ બનાવી નથી ત્યાં સુધી આપણને મૃત્યુનો મિથ્યા ભય લાગે છે. તેમાં પણ મૃત્યુ કરતાં તો આ દેહે કરીને જે જે જીવો પ્રત્યે અને પદાર્થો પ્રત્યે મમત્વ બાંધ્યું તેને છોડવાનો વધુ ભય લાગતો હોય છે.

જો આપણી દૃષ્ટિ દેહભાવમાંથી મુક્ત થઈને જ્ઞાને કરીને જીવભાવમાં અને તેની વિશાળ સૃષ્ટિમાં જોડાઈ જાય તો આવા અનેક મૃત્યુનો પણ જરાયે ભય લાગે નહિ.

‘શ્વાસમાં હરિનો વાસ’ પ્ર આ., પૃ.૩૯ ❑

**ઈશ્વર તરફ સૌની ગતિ**

પ્રત્યેક મનુષ્ય વહેલો કે મોડો, એટલે કે આ જન્મે કે હવે પછીના અનેક જન્મે, પગથિયે પગથિયે ઈશ્વર તરફ જતો જ હોય છે.

આ વાત સત્ય છે.

‘ફૂલમાળા’ પ્ર આ., પૃ.૭ **શ્રીદાસાનુદાસ**

## (૧૪) ગીતાનો સંન્યાસ એ વૃત્તિનો સંન્યાસ છે

શ્રીમોટા

તને જે કાગળો લખ્યા છે, તેના અર્થ ને મર્મ પૂરેપૂરા તને હજી દિલમાં સમજાયા નથી લાગતા. વારંવાર એકનું એક તને અંતરમાં ઠસાવવા કાજે સમજાવવું પડે છે, એ અમારી શરમની કથની છે. હૃદયની હૃદયથી ગ્રહણ કરી શકવાની આપણી ભૂમિકા પાકેલી નથી, એમ તે બતાવે છે.

મળેલી પરિસ્થિતિ અને મળેલો ધર્મ છોડીને એને જે બીજે શોધે છે, તે બધાં મિથ્યા ફાંફાં છે, શાસ્ત્રોમાં વર્ણવાયેલો સંન્યાસીનો ધર્મ અને હમણાં હમણાં સંસારમાં સાધારણપણે આચરાતો સંન્યસ્ત ધર્મ એ બન્નેના પ્રકારમાં આસમાન જમીનનો ફરક છે. **ગીતાનો સંન્યાસ તે વૃત્તિનો સંન્યાસ છે.** ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ અને મળેલા ધર્મથી ભાગવાની સ્પષ્ટ ના પાડે છે. તેને તે કાયરતા ગણે છે. જે કંટાળીને, ત્રાસીને ભાગે, તે ધર્મના હૃદયને પામી શકતો નથી.

આ જીવને અનેક પ્રકારની પારાવાર લાચારીમાં જીવન જીવવાનું બનેલું છે, પરંતુ તેમાંથી જીવનવિકાસ કાજેનો લાભ મેળવ્યો છે. પ્રત્યેક પરિસ્થિતિ, પ્રત્યેક સંજોગ, પ્રત્યેક પ્રસંગ, પ્રત્યેક વ્યક્તિનો સંબંધ ને સંપર્ક વગેરે વગેરે-એ બધાં સાથેની જવાબદારી, પ્રમાણિકતા, વફાદારી, સચ્ચાઈ, સહૃદયતા, નેકદિલીનાં અનુશીલન, પરિશીલનમાંથી એકનિષ્ઠાનો ભાવ જન્મે છે. એકનિષ્ઠા જીવનને સર્વ પ્રકારના વળાંકો વગેરેમાંથી પસાર કરાવીને જીવનને સાંગોપાંગ તે પાર ઊતરાવે છે.

એકનિષ્ઠા વિના સાધનાના એકડાનું પણ મંડાણ થઈ શકવાનું નથી. અરે ! સાધનાની વાત તો જવા દો, પરંતુ સંસારવહેવારમાં સફળ થવાને કાજે એ પરત્વેની એકનિષ્ઠાની તેટલી જ જરૂર રહે છે. એકનિષ્ઠા પ્રગટ્યા વિના એકાગ્રતા અને કેંદ્રિતતા જન્મી જ ન શકે. સાધનાનું હૃદય એકનિષ્ઠામાં રહેલું છે.

**આપણી સંસ્કૃતિમાં જે અનેક પ્રકારના સાંપ્રદાયિક મતો પ્રસર્યા, તે ત્યાગ અને ભોગ એ બેની વચ્ચેના તે બધા ફાંટાઓ છે,** ત્યાગ કે ભોગ બન્ને પ્રેમભક્તિ-જ્ઞાનયોગની ભૂમિકાવાળા જ હોવા ઘટે, તો જ તે શોભે. જ્ઞાનભક્તિ વિનાનો ત્યાગ એ ત્યાગ નથી પણ જીવનને બેળે બેળે કચરી નાખનાર અને જીવનની કુમાશને હણી નાખનાર તે નકારાત્મક તત્ત્વ છે.

આપણી સંસ્કૃતિમાં દમન ઉપર ઝોક દેવાયેલો છે. તેથી કરીને જીવનના પ્રાણ ઊલટા કચરાઈ ગયેલા છે. આપણી સંસ્કૃતિમાં સંયમને પૂરતું સ્થાન છે, પરંતુ **સંયમ અને દમન એ બન્નેમાં તો ઘણો તફાવત છે.** દમનમાં તો બધાં કરણોનું રૂંધાઈ જવાનું બને છે. દમનથી બુદ્ધિપ્રાણાદિ કુંઠિત બની જાય છે.

કેટલાક ધાર્મિક સંપ્રદાયોમાં હજી આ દમનનો મત પ્રચલિત છે, પરંતુ તેમાંથી ઉત્તમ પ્રકારનો જ્ઞાનાત્મક અનુભવ જીવનમાં પ્રગટી શકે નહિ, એવું આ જીવનું નમ્રપણે માનવું છે. જીવનવિકાસનો એ યોગ્ય માર્ગ નથી.

તેની સામે બાજુએ બીજા કેટલાક સાંપ્રદાયિક પંથો જીવનને સ્વીકારે છે ને ભોગપ્રધાન છે. એ ભોગ યોગપૂર્વકની ભૂમિકાવાળો ન રહેતાં તેવી સંસ્કૃતિનું પણ પતન થયેલું છે.

જીવનમાં ત્યાગ અને ભોગ બન્ને છે, પરંતુ ત્યાગ કરવો અને ત્યાગ ભોગવવો એ બન્નેના ભાવાર્થમાં આસમાન જમીનનો ફરક છે. ત્યાગ ભોગવવાનો આનંદ એ જીવનવિકાસની સહજ સાધનાનો આનંદ છે.

'જીવન પોકાર', બી.આ., પૃ. ૩૬૯ ❑

## (૧૫) સદ્‌ગત હેમંતકુર નીલકંઠ : જીવનરેખા

**સતીશ દેસાઈ**

*(પૂજ્ય શ્રીમોટા સાથે સાધના માટે શરૂશરૂમાં જેઓ જોડાયેલ હતા, તેમાં શ્રી હેમંતકુમાર નીલકંઠ, શ્રી નંદુભાઈ શાહ અને શ્રી વજુભાઈ જાની મુખ્ય હતા. પૂજ્ય શ્રીમોટાના સાહિત્યમાં તેમ જ પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈના 'શ્રીમોટાની મહત્તા'માં શ્રી હેમંતકુમાર વિશે ત્રૂટક વિગતો જાણવા મળે છે. તેઓશ્રી અપરિણીત હતા. તેઓ તેમનાં મોટાં બહેન શ્રી સુવર્ણાબહેનને ત્યાં મુંબઈમાં અનેક વખત રહેતા ને રોકાતા હતા. શ્રી સુવર્ણાબહેનના પુત્ર શ્રી સતીશ દેસાઈએ શ્રી નીલકંઠ વિશે જે લખ્યું છે, તે અત્રે પ્રકાશિત કરાયું છે.*

*શ્રી હેમંતભાઈ કૃપા ઉપર ઘણો ભાર મૂકતા હતા. પૂજ્ય શ્રીમોટાની કૃપાની યાચના કરતા બસો જેવા શ્લોકની સંસ્કૃત ભાષામાં રચના તેઓશ્રીએ કરી હતી. તે પૈકી પસંદગીના સો (૧૦૦) શ્લોકોનું ગુજરાતીમાં સમશ્લોકી ભાષાંતર શ્રી કુરંગીબહેન દેસાઈએ કરેલું તે સદ્‌ગતશ્રી યશવંતભાઈ પટેલ રહે. મણિનગર દ્વારા સને ૧૯૯૬માં પ્રકાશિત કરાયેલ છે. તે પ્રકાશનમાં* ***'કૃપાયાચના શતકમ્'****માં આ લખાણ છે - સં.)*

શ્રી હેમંતકુમાર નીલકંઠનો જન્મ ઈ.સ. ૧૮૯૯ના ડિસેમ્બરની છઠ્ઠી તારીખે થયો હતો. એમના દાદા મહીપતરામ રૂપરામ ઇંગ્લૅંડ જનાર પહેલા ગુજરાતી હતા, સુધારક હતા અને ગુજરાતમાં પ્રાર્થના સમાજના આદ્ય સ્થાપકોમાંના એક હતા.

મહીપતરામના બીજા નંબરના પુત્ર શ્રી ગુણાભાઈ (શ્રી હેમંતભાઈના પિતા) પણ પ્રાર્થના સમાજવાદી હતા. એટલે શ્રી હેમંતભાઈનાં શરૂઆતનાં વર્ષોમાં એમના ધાર્મિક વિચારોમાં પ્રાર્થના સમાજની ઊંડી અસર હતી, પણ શ્રી હેમંતભાઈ ગાંધીવાદના રંગથી રંગાયા પછી એમને પ્રાર્થના સમાજ લૂખો લાગવા માંડ્યો અને પૂ. શ્રીમોટાના સમાગમમાં આવ્યા પછી તો એમના ધાર્મિક વિચારોમાં ઘણો ફેર પડી ગયો.

શરૂઆતમાં તો શ્રી હેમંતભાઈ ગાંધીવાદીઓની મશ્કરી કરતા. 'ગાંધીટોપી પહેરનારાઓએ એમનાં જ્ઞાનચક્ષુ પર પાટા બાંધી દીધા છે' એમ તેઓ કહેતા પણ આ માનસ બહુ થોડો વખત ટક્યું અને જ્યારે ૧૯૨૦માં ગાંધીજીએ અસહકારની હાકલ કરી ત્યારે શ્રી હેમંતભાઈએ તેમાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો.

શ્રી હેમંતભાઈ બહુ નાની વયના હતા, ત્યારે એમનાં માતાનું અવસાન થયું હતું. તેથી મારાં માતુશ્રી, એટલે કે એમનાં મોટાં બહેન, સુવર્ણાબહેન એમનાં માતા સમાન બની ગયાં. મારા પિતાશ્રી પ્રતાપરાય ન્યાયાધીશ હતા અને એમની બદલી જુદે જુદે સ્થળે થતી ત્યાં બધે શ્રી હેમંતભાઈ આવતા અને અમારી સાથે લાંબું રહેતા. તેથી એમના નિકટના સમાગમમાં મારે નાનપણથી આવવાનું થયું હતું. એમણે મારામાં આદર્શવાદનાં બીજ રોપ્યાં અને મેં પણ પાછળથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો.

શ્રી હેમંતભાઈ એમના કુટુંબમાં સૌથી નાના પણ ભણવામાં સૌથી વધારે તેજસ્વી હતા. ૧૯૧૬માં મૅટ્રિકની પરીક્ષામાં ૫૦૦૦

વિદ્યાર્થીઓમાં એમનો નંબર ૨૭મો હતો. એમના પિતાને તેમ જ બીજા બધાંને એમની કારકિર્દી ઉજ્જ્વલ થશે એવી આશા હતી.

૧૯૨૦માં શ્રી હેમંતભાઈનું બી.એ.નું છેલ્લું વર્ષ હતું. પરીક્ષાને માત્ર બે મહિનાની વાર હતી અને ગાંધીજીની હાકલ પડી, 'નિશાળ છોડો ! કૉલેજ છોડો ! વકીલાત છોડો ! વિધાનસભા છોડો !' અસહકારનું પ્રચંડ મોજું આવ્યું. શ્રી હેમંતભાઈના પિતા શ્રી ગુણાભાઈ હતા તો રાષ્ટ્રવાદી પણ શ્રી હેમંતભાઈ કારકિર્દીને આમ લાત મારે એ એમને પસંદ નહોતું. બન્ને વચ્ચે ઘર્ષણ થયું, પણ શ્રી હેમંતભાઈએ અંતઃકરણના અવાજને માન આપીને અસહકાર કર્યો અને કૉલેજ છોડી ! પિતાએ પોતાનો વિરોધ પાછો ખેંચી લીધો. શ્રી હેમંતભાઈ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને એમણે 'સ્નાતક'ની ડિગ્રી મેળવી.

ડિગ્રી તો મળી પણ જીવનનિર્વાહનું શું ? કૉલેજ છોડતી વખતે જ એમણે નિશ્ચય કરી લીધો હતો કે માતૃભૂમિની સેવા કરવા માટે આજીવન બ્રહ્મચારી રહેવું, પણ પોતાને એકલાને માટે પણ કંઈ કમાવું તો જોઈએને ? એટલે એમણે વણકરો રોકીને હાથશાળ શરૂ કરી. કાપડ તો સરસ તૈયાર થયું, પણ તે વેચવું કેવી રીતે ? ધંધાદારી વેચાણકળામાં શ્રી હેમંતભાઈને રસ નહોતો એટલે આ આખો પ્રયોગ નિષ્ફળ ગયો અને એમણે શાળ વેચી દીધી.'

પૂ. શ્રીમોટા હરિજનસેવાનું કાર્ય કરતા હતા. તેમની સાથે શ્રી હેમંતભાઈ બોદાલમાં હરિજન આશ્રમના નિયામક થયા હતા. તે વખતે આશ્રમમાં એમનો ખાધાખરચ મહિને રૂ. પાંચ આવતો હતો !

૧૯૩૦માં દાંડીકૂચ પછી મીઠાનો સત્યાગ્રહ શરૂ થયો તેમાં શ્રી હેમંતભાઈ જોડાયા અને એમને છ માસની સજા થઈ. શરુઆતમાં ઘણાં કષ્ટ વેઠ્યાં પછીથી દાક્તરે શ્રી હેમંતભાઈનું શરીર તપાસ્યું અને એમને ક્ષયનો વહેમ પડ્યો એટલે શ્રી હેમંતભાઈને દૂધ આપવા માટે ખાસ વ્યવસ્થા કરી.

જેલમાંથી છૂટ્યા પછી શ્રી હેમંતભાઈ બહુ ઉદાસ અને હતાશ રહેતા. તેમની વૃત્તિ અજ્ઞેયવાદ (agnosticism) તરફ વળવા લાગી હતી. એમનું શરીર પણ સારું નહોતું રહેતું. માત્ર દૂધ પર રહીને એમણે શરીરનું વજન વધાર્યું અને ત્યાર પછી યોગનાં આસનો પણ કરતા. આથી, એમનું શરીર ઘણું સુધર્યું.

એ પૂ. શ્રીમોટા અને મુ. શ્રી નંદુભાઈના સંસર્ગમાં આવ્યા એટલે એમની માનસિક વેદના દૂર થઈ અને એમનામાં નવું ચેતન આવ્યું. એમના જીવને નવો વળાંક લીધો. અત્યાર સુધી એ મુખ્યત્વે ગાંધીજીના કર્મયોગમાં માનતા હતા પણ હવે એમને કર્મ સ્થૂળ લાગવા માંડ્યું. એ ભક્તિયોગ અને જ્ઞાનયોગ તરફ વળ્યા.

શ્રી હેમંતભાઈને એમના પિતા તરફથી થોડી મિલકત વારસામાં મળી હતી, અને આટલાં વર્ષોમાં એમણે થોડી રકમ બચાવી હશે, એટલે બધું મળીને એમની પાસે આશરે રૂ. ૧૨,૦૦૦ હતા. એ બધી રકમ એમણે પૂ. શ્રીમોટાને ચરણે ધરી દીધી અને એમના કામમાં સંપૂર્ણપણે જોડાઈ ગયા. *(આ રકમ સ્વીકારવાની શ્રીમોટાએ ના પાડી હતી. છતાં શ્રી હેમંતભાઈના અતિ આગ્રહને કારણે એક બૅંક ખાતામાં રખાઈ હતી. આ નાણાં પૈકી શ્રીમોટાએ કોઈ જ રકમનો ઉપયોગ કર્યો ન હતો. એવી વિગત શ્રીમોટાના*

*અને શ્રી નંદુભાઈનાં લખાણોમાં છે-સં.)*

પૂ. શ્રીમોટાએ 'મનને', અને 'તુજચરણે' એવાં બે આધ્યાત્મિક કાવ્યો લખ્યાં હતાં, તેમનું શ્રી હેમંતભાઈએ અંગ્રેજીમાં ભાષાંતર કર્યું. પૂ. શ્રીમોટાના જીવનપ્રસંગો વર્ણવતો બીજો ગ્રંથ પણ એમણે અંગ્રેજીમાં લખ્યો.

શ્રી હેમંતભાઈએ ઘણાં વર્ષો, 'મહાદેવભાઈની ડાયરી'નું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં ગાળ્યાં. એના દળદાર આઠેક ગ્રંથો પ્રકાશિત પણ થયા છે.

શ્રી હેમંતભાઈએ પૂજ્ય શ્રીમોટાની કૃપાની યાચના કરતા સંસ્કૃતમાં ૨૦૦ જેટલા શ્લોકો લખ્યા છે, તેમાંના ૧૦૦ શ્લોકોનું ભાષાંતર મારાં પત્ની કુરંગી દેસાઈએ કર્યું તેની જ આ ('કૃપાયાચના શતકમ્') પુસ્તિકા છે.

શ્રી હેમંતભાઈએ ગુજરાતીમાં પણ કવિતાઓ લખી હતી. પોતાની કવિતાઓને એમણે **'રસહીન પુષ્પો'** એવું નામ આપ્યું હતું. કમનસીબે જે નોટબુકમાં એ કવિતાઓ લખાઈ હતી એ નોટબુક ખોવાઈ ગઈ છે.

શ્રી હેમંતભાઈએ પૂ. શ્રીમોટાનાં અનેક કાર્યોમાં સાથ આપ્યો છે. શ્રી હેમંતભાઈને પૂ. શ્રીમોટા માટે અનહદ આદરભાવ હતો. જ્યારે નડિયાદમાં આશ્રમ બાંધવાની વાત આવી ત્યારે શ્રી હેમંતભાઈએ એમની બધી શક્તિ આશ્રમ બંધાવવામાં વાપરી, અને વેરાન સ્થળમાં એક પવિત્ર આશ્રમ થઈ ગયો. ત્યાં સાધકો માટે મૌનના ઓરડાઓ છે, જે અત્યાર સુધી ખાલી રહ્યા નથી.

પૂ. શ્રીમોટા માટે અત્યંત આદર હોવા છતાં એવા ગાળા આવ્યા હતા કે જ્યારે આશ્રમ જીવનનો શ્રી હેમંતભાઈની ભૂમિકા સાથે મેળ મળતો નહિ. અત્યંત સંવેદનશીલ હોવાને લીધે તેવે વખતે આશ્રમમાં રહેવું તેમને યોગ્ય લાગતું નહિ, તેવે વખતે તેઓ રમણાશ્રમ, રામદાસ આશ્રમ, ઉત્કંઠેશ્વર, મંગલેશ્વર, કુંભકોણમ્ વગેરે ઘણાં સ્થળોએ રહ્યા, પણ તેવે સમયે તેમનું મુખ્ય આશ્રય સ્થાન તેમનાં માતા સમાન મોટાં બહેનનું એટલે કે મારાં માતુશ્રીનું - ઘર રહેતું. મારા પિતાને પણ તેમના પ્રત્યે સ્નેહ હતો. અમારા સૌના સ્નેહાળ વડીલ તરીકે તેઓ ઘણાં વર્ષ અમારી સાથે રહ્યા હતા. મારાં બહેન સરલાદેવી તથા બનેવી પુરેન્દ્રભાઈ (કાકુભાઈ) સુણેવ ગામમાં રચનાત્મક કાર્ય કરતાં હતાં તેમની સાથે પણ તેઓ રહેતા.

આશ્રમજીવન અપનાવ્યા છતાં તેમણે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે પોતાના બે ભાઈઓનાં કુટુંબ પ્રત્યેની ફરજ તત્પરતાથી બજાવી હતી.

શ્રી હેમંતભાઈએ એમનાં છેલ્લાં વર્ષો નડિયાદ આશ્રમમાં ગાળ્યાં. આજીવિકા માટે એમને સ્વાતંત્ર્ય સૈનિકનું પેન્શન મળતું. તેમાંથી પોતાના ખર્ચ પેટે એ આશ્રમને અમુક રકમ આપતા. આશ્રમના નિયામક શ્રી હરેશભાઈ અંગત રીતે તેમના પુત્ર જેવા બની રહ્યા અને તેમણે તેમની ખૂબ કાળજી રાખી.

એમના છેલ્લા દિવસોમાં શ્રી હેમંતભાઈ શાંત અને સ્વસ્થ રહેતા. એમની અંતિમ માંદગી ટૂંકી હતી. એટલે શારીરિક કષ્ટ બહુ ખમ્યા વિના એમણે ૮મી નવેમ્બર, ૧૯૯૫ને દિવસે દેહ છોડ્યો.

એમણે જ લખેલી લીટીઓ યાદ આવે છે.

**'પ્રભુનાં વરદાનોમાં સુમૃત્યુ વર શ્રેષ્ઠ છે,**
**સ્વાતંત્ર્ય, સત્ય ને ન્યાય તે માટે મૃત્યુ ઈષ્ટ છે.'**

સુવર્ણ સદન, ૩૭૦, લિંકિંગ રોડ,
ખાર, મુંબઈ-૪૦૦૦૫૨

❑

હરિઃૐ





*સૌજન્ય : દિવ્ય ભાસ્કર, સંદેશ તા. ૧૨-૬-૨૦૧૮*




R.T.E. (રાઈટ ટુ ઍજ્યુકેશન) કાયદા હેઠળ નબળા વર્ગના બાળકોને પ્રવેશ આપતી વખતે શિક્ષણને લગત સામગ્રી નિઃશુલ્ક વડોદરાની શ્રેયસ સ્કૂલમાં ભેટ અપાય છે.

'મારે સમાજને બેઠો કરવો છે' એવા પૂજ્ય શ્રીમોટાના કથનને પોતે સન્મુખ રાખતા હોવાનો ભાવ સંચાલક શ્રી પંકજભાઈ જાની અને શ્રીમતી નીતાબહેન જાની વ્યક્ત કરે છે.

- સંપાદક

**HARIBHAV, JULY - 2018**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



હું ભાષણમાં માનતો નથી. લોકો ભાષણથી કંટાળી ગયા છે. જે ને તે ભાષણો ઠોક્યા કરે છે. કથા, ઉપદેશથી આ સમાજ સુધરે છે કે એમનામાં ધર્મ જાગે છે, તે વાત ખોટી છે. ઠેકઠેકાણે આપણા દેશમાં કથાવાર્તાઓ થાય છે. કોઈ સુધર્યા નહિ ભાઈ ! એ તો કાળ એવો છે અત્યારે.

હજુ તો ઘણી અંધાધૂંધી આવશે સાહેબ ! તમે લોકો આ સદા યાદ રાખો.

- શ્રીમોટા

*'ટેપવાણી-વસંતપંચમી', વિદ્યાનગર*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com